વિજયી વિક્ટોરિયા.

[illegible]

સાઠ વર્ષના રાજ્યની ડાયમંડ જ્યુબિલી

ના

રાજપ્રસંગ ઉપર રચનાર

પુતલીબાઈ જાંહગીર કાબરાજી.



મુંબઈ,
દફતર આશકારા પ્રેસ.

ડાયમંડ જ્યુબિલી.
સન ૧૮૯૭.

પ્રસ્તાવણા.

જોકે રાજા રાણીનો દરજ્જો દુનિયામાં સૌથી ચઢતો ગણાયછે, અને રાજા રાણી થવામાં મોટું સુખ સમાયલું ધારવામાં આવેછે, તોપણ આજે એવો જમાનો આવ્યોછે કે જ્યારે ઈંગ્લંડ જેવી બળવાન અને સુધરેલી પ્રજાનાં રાજ્યાસન ઊપર બિરાજતાં કોઈબી સાધારણ હિંમતવાળો માણસ બીહે. ખરૂં છે કે આજે રાજા રાણીઓની સત્તા ઓછી થઈછે. આગળા વખતના રાજાઓની પેઠે હવડાં સુધરેલા દેશોના રાજા રાણીથી મરજી પ્રમાણે હુકમો કરાતા નથી. જ્યારે ગમે ત્યારે એક નોકરનું માથું ઊરાડી મુકવાનો કે ગમે તેવાં નજીવાં કારણે એક પાડોશી રાજ્ય સાથ લડાઈ જગાડવાનો હવે તેમને હક નથી, તેથી સાધારણ રીતે એવું ધારવામાં આવેછે કે હવે તો રાજ્ય ગાદી ઊપર બેસી પ્રધાનોના કેહવા ઊપર માથું હલાવ્યું, અથવા તેમના રજુ કીધેલા દસ્તાવેજોપર સહી કીધી એટલે રાજ્ય કીધું—અને રાજ્ય કરવું ઘણું સેહેલ થઈ પડ્યુંછે. પણ તેમ નથી. રાજા રાણીની સત્તા ઓછી થઈછે તેમ તેઓની જવાબદારી વધીછે. યુરોપની સુધરેલી પ્રજાઓપર રાજ્ય કરનારાં જો પોતે જ્ઞાની અને વિવેકી નહી હોય તો પ્રજા તેમને પળવારમાં તખ્તેથી ઊઠાડી મેળવાને શક્તિવાન છે. ઈંગ્લંડની પ્રજા એવી એક બળવાન પ્રજા છે અને તે પ્રજા જે રાણીને પૂંજા તુલ્ય માન સાથે ચાહેછે તે રાણી કેવી હોવી જોઇએ, અને કેવી છે તે જાણવાનું મારી પ્રિય વાંચનારી બેનોને રસીલું લાગશે. તે માટે આપણાં માનવંત મહારાણીજીની કેળવણી, સંસાર અને રાજવર્તણુંકને લગતી થોડીક નોંધો આ ટુક નિબંધમાં આપુંછું.

પુ. જાં. કા.

વિજયી વિકટોરિયા.

વિકટોરિયાનાં માતપિતા અને તેમની કેળવણી.

મહારાણીના બાપાવા રાજા જૉર્જ ત્રીજા ઘણા કરડા સ્વભાવના હતા અને પોતાના દીકરાઓ તરફ ઘણી સખ્તાઈ વાપરતા હતા, જેથી મહારાણીજીના પિતા ડયુક ઑફ કેન્ટે જવાનીમાં ઘણી હાડમારી ભોગવી હતી. પોતાના મોભા અને મરતબા પ્રમાણે ખરચવાને તે રાજપતિ બાપ બિચારાને પૈસા આપતા નહી, જેથી તે જવાન ડયૂક કરજદારીમાં ઉતર્યો હતો ! પણ તેણે એક લશકરી અમલદાર તરીકે ઘણી આબરૂ મેળવી હતી. લશકરી અમલદારો ખાનાપીનાનાં શોખીન અને ઘણી વાર તો મોજમજાહમાં છેક બેહેકેલા હોયછે, પણ આ નામદાર ડયૂક તો એક નમુનેદાર સિપાહ બચ્ચો હતો. જેટલો સાચો ને સુઘો તેટલો સાદો અને સ્વચ્છ વર્તણુકવાળો તે હતો. જોકે તેનો પિતા તેને ચહાતો નહી હતો, તોપણ પ્રજાનો તેના ઉપર પૂર વિશ્વાશ હતો અને તેઓએ તેને અનેક જોખમદાર ઓહદાઓપર મુકયો હતો.



રાણીના બાપ ડયૂક ઑફ કેન્ટ.

ઘણીક લડાઇઓમાં ભાગ લેવા પછી અને ઘણાંક દેશોમાં નોકરી બજાવ્યા પછી એ બળવાન જોદ્ધો અર્ધ ઘરડો થઇ પ્યારમાં પડયો ! તેની પ્રિયા કોઈ ચલકતાં મંડળોમાંની પરી નહી, પણ એક એકાંત જર્મન ગામમાં રહેનારી એક વિધવા શાહાજાદી નામે વિકટોરીઆ મેરી લુઇઝ હતી. તે બાઇ બિચારી નાની વયમાં એક ઘરડા રાજવંશી સાથ પરણેલી હતી, જેનાં મરણ બાદ બે નાનાં છોકરાંની કેળવણી અને સંભાળ તેણીને માથે પડેલી હતી. એ બાઇની સાલેસાઈ સાથે ઉંચી મનશકિત તેમજ તેણીની સહનશીલતા અને આબરૂભરી વર્તણુંક જોઇ ડયૂક ઑફ કેન્ટ જે પોતે પણ ખાલેસ દિલનો અને સદગુણને ચહાનારો હતો તે તેણીને પરણવા ઉમેદબર થયો, પણ અહીં પાછી તેને પૈસાની અડચણ નડી. શાહાજાદીના આગળા ઘણીનાં વસીહતની એવી બોલી હતી કે જો તેણી ફરી પરણે તો તેણીનું પાંચ હજાર પાઉન્ડનું સાલીયાણું બંધ થાય. ત્યારે કરવું શું ? રાજપતિ પિતા તો એક પૈ આપે નહી એવા હતા માટે બન્ને રાજપુત્રો અરસપરસના પ્યારથી બંધાયલાં પણ લગ્નના કોળથી છુટાં ઘણાં વર્ષ સબુરી પકડી બેસી રહ્યાં.

પણ આખરે રાજવંશના વારસને માટે ફિકર ઉઠી. રાજાના વડા બેટાની એકપૂરી દીકરી પ્રિન્સેસ શાર્લેટ બચ્ચાં વગર મરણ પામી, એટલે પ્રજાપોકાર ઉઠી રહ્યો કે રાજાનો બાકી રહેલો બેટો પણ પરણવો જોઇએ, કે જેથી તાજ તખ્તનો વારેસ પેદા પડે. આ ઉપરથી ડયૂક ઑફ કેન્ટને પરણવાનું સવલ કરી આપવા માટે સરકારે તેને છ હજાર પાઉન્ડનું સાલીઆણું બાંધી આપ્યું, અને સ૦ સ૦ ૧૮૧૮ ના મે માસની ઓગણત્રીસમી તારીખે ડયુક ઓફ કેન્ટનાં લગ્ન શાહજાદી વિકટોરિયા મેરી સાથે પૂર ખુશાલી વચ્ચે પાર પડયાં. પણ એ લગ્ન જર્મનીમાં થયાં અને રાજવારેસ જો એ જોડાંને ત્યાં જન્મે તો કદાચ લગ્ન-ક્રિયા સંબંધી વાંધો ઉઠે એવી ફિકરથી તેમને ઇંગ્લન્ડ બોલાવી ફરીથી એકવાર ઇંગ્લન્ડની ક્રિયા કાનુન પ્રમાણે તેમનાં લગ્ન કરી આપવામાં આવ્યાં.

પણ ઇંગ્લન્ડમાં રહી પોતાના દરજજા પ્રમાણે ખર્ચ કરવાની હજીબી નામદાર ડયૂકની ગુંજાસ હતી નહીં, માટે એ અસીલ જોડું પાછું જર્મની ગયું તે ઠેઠ મહારાણીજીના જન્મનો દિવસ નજદીક આવ્યો ત્યારે એ નામદારને ઇંગ્રેજી ભૂમી ઉપરજ જન્મ આપવાની મતલબથી બન્ને પાછાં ઇંગ્લન્ડ આવ્યાં, અને ત્યાં તા૦ ૨૪ મી મે ૧૮૧૯ ને દીને આપણાં પ્રતાપી માહારાણીનો જન્મ થયો.



રાણીના મા ડચેસ ઑફ કેન્ટ.

ડચેસ આફ કેન્ટે પોતાની વ્હાલી બેટીને પોતાની છાતીનું દુધ પાઇ ઉછેરી એટલુંજ નહી પણ તે અતિઘણી માયાળું અને આતુર માતા થઇ. નાની વિક્ટોરિયાને નોકરોના સ્વાધીનમાં ન રાખતાં તેણીને પોતાની સંગતમાં રાખવામાં તેણીએ ઘણું ડહાપણ વિચાર્યું અને ઉલટથી, પ્યારથી તેમજ તેણીના ભવિષ્યને માટે જે મોટી ઉમેદ હતી તે ઉમેદની જોખમદારી સમજીને તે અકલમંદ માતાએ ઘણીજ સંભાળથી બેટીને ઉછેરી. તેણીને તાબેદારી, મન સ્વાધીનતા અને મિતાહારીપણું શીખવવા ડચેસ ઘણી ખંતી હતી, અને તેથી બેટીને અંગોળ કરાવવા તથા પોષાક પેહરાવવાનું કામ જ્યારે દાસીઓ કરતી ત્યારે પણ માતા પોતે તેઓપર નજર રાખતી, કે રખે નોકરો તેણીને તુમાખી કે તુંદ થવા શિખવે.

બન્ને માતપિતા ઘણાં અથાક વ્હાલથી એ દીકરીને ચહાતાં. એકવાર એક મિત્રને પત્ર લખતાં ડચેસે લખ્યું હતું કે "મારી દીકરી ડેવનશાયર (જ્યાં તેઓ હવાના ફેરફાર કીજે જઇ રહ્યાં હતાં) ની સ્વચ્છ હવામાં ઘણી ખીલેછે, ઘણી મજબુત અને તનદરોસ્ત થઇછે. એની તનદરોસ્તી જોય તો કેટલાંક જણને ભારે ત્રાસ પેદા થાય, જેઓને એ નાની શાહજાદી એક કાંટા પેઠે ખુંચેછે."

આ "કેટલાંક જણુ" તે મહારાણીના કાકા પ્રિન્સ જયોર્જ હતા. ડયુક ઑફ કેન્ટે પોતાની સદ્વર્તણુકથી પ્રજાનાં દિલ જીતી લીધાં હતાં અને તે પરણી આવ્યા પછી તેની સ્ત્રીને પણ લોકો માન આપવા લાગ્યાં અને નાની વિક્ટોરિયાને સાથે લઈ જ્યારેજ્યારે તેઓ મોહલ્લાઓમાંથી પસાર થાય ત્યારે હુરરેના પોકારો કરવામાં આવતા, જે જોઇને મજકુર શાહજાદો ઘણો બળતો હતો. નાની દીકરી સાથ રમવામાં ભલા ડયૂક ઑફ કેન્ટને ઘણી મજાહ મળતી. તેને ભપકાદાર દરબારોમાં બીરાજવા કરતાં દરિયા કાંઠેનાં એક નાહનાં મકાનમાં સાદાઇથી રહી, પોતાનું સંસાર સુખ ભોગવવા વધારે ગમતું અને નાની વિક્ટોરિયા તેનાં સુખનું એક મુખ્ય સાધણ હતી, પણ અફસોસ એ સુખ ભોગવવા તે લાંબો વખત જીવ્યો નહી. હજી તો એ નાની બેટી એક વર્ષની વયની થઇ તેટલાંમાં અજલના દૂતે ડયૂકને બોલાવી લીધો અને ડચેસ બિચારી ફરી એકવાર વિધવા થઈ સંતાપમાં પડી.

એ પછી તે બાઈ જાહેરમાં આવવા ચાહતી તો હતીજ નહી પણ રાજ્ય દરબારમાંથી તેણી ઉપર ફરમાન મોકલવામાં આવ્યું કે તેણીએ નાની વિક્ટોરિયાને લઇ જાહેરમાં દેખાવ દેવો નહી, માટે મા દીકરી તદન એકાંતવાસમાં જીંદગી ગુજારવા લાગ્યાં અને તે એકાતવાસમાં મા દીકરીનાં ઘણાક વર્ષ નિકળી ગયાં. શાહજાદી વિક્ટોરિયા ૧૦ વર્ષની ઉમરમાં તો એક ખીલતાં ગુલાબ પેરે ઉછરી નિકળી.



વિક્ટોરિયા ૧૦ વર્ષની ઉમરે.

એમ કરતાં ઘણાં વર્ષ ગયાં અને મહારાણીજીના કાકા રાજા વિલિયમની રાણી એડીલેડને સંતાન થવાની કંઇ આશા રહી નહી, ત્યારે પ્રજાનું ધ્યાન આપોઆપ શાહજાદી વિક્ટોરિયા તરફ ગયું. તેણીની કેળવણીને માટે એક મોટું સાલીઆણું તેણીની માતાને સરકારે આપવા માડયું, અને પ્રજાપોકાર એવી મતલબનો ઉઠી રહ્યો કે તે વિધવા બાઇએ ગમ પાછળ નાખી નાની વિક્ટોરિયાને સાથે લઇ જાહેર મેળાવડાઓમાં દેખાવ દેવો, વધારે ભપકાથી રેહવું અને જે સાદા લેબાસમાં ફરવાની તેણીને ટેવ હતી તે છોડાવી તેણીના દરજ્જાને છાજતો પોષાક તેણીને પેહરાવવો.

પણ બિચારી એક ગમગીન વિધવાને નાચરંગ અને ખાનાપીનાં, નાટકશાળાઓ અને જાહેર માન અકરામ કેમ ગમે ? તેણીએ ઘણાં માન સાથ જાહેર કર્યું કે એવી મોજ-મજાહ તેણીને ગમતી નહી હતી, અને તેઓમાં ભાગ લેવાને તેણી અશક્ત હતી. માટે ઘણોખરો વખત નાની વિક્ટોરિયા



કેનસીંગ્ટનનો મેહલ—રાણીનું જન્મગૃહ.

અને તેની માતા કેનસિંગ્ટનના મેહેલમાં એકમેકની પ્યારી સંગતમાંજ મજાહ લેતાં રહ્યાં. અંહીજ માતાએ દીકરીને અદબ અદાથી બોલવા ચાલવા, ગરીબ અને તવંગર તરફ એકસરખી માયાથી વર્તવા, સાદાં સુખમાં સંતોષી રેહેવા, તેમજ વળી સકાળે ઉઠી આખો દિવસ ઉદ્યોગી થવા અને તનદુરૂસ્તી ખીલવનારી કસરતો અને રમતગમતો પણ કરવા શિખવી; તેણીની કેળવણીને માટે મંજૂર થયલી મોટી રકમનો એ સમજુ માતાએ ઘણોજ મનમાનતો ઉપયોગ કર્યો. તેણીએ દીકરીની ખાસ વલણ કયા હુન્નર ઉદ્યોગ તરફ છે તે જોઇ લીધું, અને તે ખીલવવાની મેહનત લીધી, જેથી તે નામદારે સંગીતનો તેમજ ચિત્રકળાનો સારો અભ્યાસ કર્યોછે. બેટીમાં માતાએ કેટલીક ખાનદાની અસરો જોઇ, જેવી કે પોતાની મરજી પ્રમાણે ચાલવાની હુજત, પણ તે અવગુણ તેણીએ ઘણી ચાલાકીથી મૂળમાંથીજ તોડી નાખ્યો. તેણીએ તે બાળકીને ઇનસાફને ચાહાવા શિખવી અને પછી જ્યારેખો તેણી બેઇન્સાફ કરે ત્યારે બીજાંને કેવો ગેરઇનસાફ થાયછે, તે યાદ દેવાડી તેણી તેની બેઇન્સાફ મુકાવતી. એમ કરતાં તેણી ખુલ્લાં દિલની, ખુશ મીજાજી અને સાથે હુશીયાર થઇ. ઇંગ્રેજી રાજ્યબંધન તેણીને સમજાવવા મી૦ એમોસ નામના ગૃહસ્થને ખાસ રોકવામાં આવ્યો હતો. એક જાણીતો ચિતારો તેણીને ચિત્રકળા શિખવતો, એક ગૃહસ્થ તેણીને ઘોડે સ્વારી શિખવતો, અને એક કુશળ શાસ્ત્રી તેણીને ગાવા વજાડવાના પાઠો આપતો. એ ઉપરાંત તેની સમજુ માતા દીકરીને દેશના જુદા જુદા ભાગોમાં ફરવા લઇ જતી, અને દેશના ઉદ્યોગ હુન્નરનાં કારખાનાઓ અને સંચાકામ દેખાડતી અને ગરીબ મજુર વર્ગની જીંદગીનો ખ્યાલ તેણીને આપવાની ખાસ મેહનત લેતી. જોકે સર્વ ખર્ચ માતા પોતાના હાથમાં રાખતી, તોપણ દીકરીને

નાનપણથી તેણી એક ટુંક દરમાયો આપતી, અને તે તેણીના પૈસા તેણીને હાથેજ ગરીબોને અપાવતી કે તેણીને સખાવત કરવાની ટેવ પડે.

અને એ બાદશાહી દીકરીનાં સખી દિલનો તેજ વખતે બનેલો એક દાખલો નોંધાઇ રહેલોછે. કેહેછે કે નાની વિક્ટોરીયાએ એક દુકાનમાં એક ઘણી મજેની મોટી ઢીંગળી જોઇ હતી, જેની કિંમત છ શીલીંગ તેણીને કેહેવામાં આવી હતી. તે લેવામાં તેનું ચિત્ત ઘણું લાગી રહ્યું હતું, પણ તેની માતાએ તે અપાવવાની ના પાડી એમ કહ્યું હતું કે તારાં પોતાના ગજવાં ખર્ચમાંથી એ તું પોતેજ લેજે; જેથી ભવિષ્યની એ મહારાણી મહીનો પૂરો થવાની વાટ જોતી રહી હતી; આખરે મહીનો પૂરો થયો કે માતાએ તેણીને દરમાયો આપ્યો જેમાંથી પૈસા લઈ વેહેલી કે એ નાની શાહજાદી દુકાનપર ગઇ અને દુકાનદારને ઝટ છ શીલીંગ કાઢી આપી ઢીંગળી લઇ છાતીએ દાબી વેહેલી વેહેલી દુકાનની સીડીડી ઉપરથી ઉતરવા જતી હતી, પણ તેટલાં એક કંગાળ દેખાવનો ગરીબ માણસ જે ભીંતે અઢેલીને ઉભો હતો તેનાપર તેણીની નજર પડી, તેણે બોલવાને માટે જરા હોઠ ઉઘાડયા પણ પાછા જાણે કે શરમાતો કે બીહીતો હોય તેમ બંધ કરી દીધા જે જોઇને ભલી વિક્ટોરિયાને ઘણી દયા લાગી, અને પોતાની બધી ઉલટ ભૂલી જઇ સીડી ઉપર ઊભી રહી જઇ તેને પૂછ્યું, "તમે કંઇ મને કેહેવા માંગોછો શું?" એથી પેલા ગરીબને હિંમત આવી અને તેણે જવાબ દીધો "હાજી, મને અતિશય ભૂખ લાગીછે. જો હું ભૂખે મરી નહી જતો હતે તો હું કદી તમો પાસે પૈસા માંગતે નહી."

"હું ઘણીજ દલગીર છું પણ મારી પાસે પૈસા નથી. હતે તો"——એટલું બોલી શાહજાદી અચકી ગઇ, તેણીને કંઇ વિચાર સૂઝી પડયો. ઝડફથી પાછી દુકાનમાં દોડી જઈ દુકાનદારને પુછ્યું, "મેહેરબાની કરી આ ઢીંગળી પાછી લઇ તમારી પાસે રાખશો? હું ફરી આવીને લઈ જઇશ, ને તેટલાં મારા પૈસા મને પાછા આપશો?"

દુકાનદારે ખુશીથી ઢીંગળી પાછી લઇ પૈસા આપ્યા અને વિક્ટોરિયાએ તે લઇ જઇ એકદમ બધા પેલા કમનસીબ માણસના હાથમાં આપી દીધા. તે તો અજબગજબ થઈ ગયો; છ નવી ચલકતી શીલીંગ તેના હાથમાં આવી! તેણે દુવા દીધી, કે "જો ખુદા તને રાણી બનાવે તો તેથી તારા સખી જીવને વાસ્તે ઘણો મોટો બદલો નહી કેહેવાય!" અને સલામ કરી ચાલી ગયો.

આ વાત જ્યારે ડચેસ ઓફ કેન્ટને કાને આવી ત્યારે તે પોતાની દીકરીના એવા ભલા ગુણથી ઘણી ખુશ થઈ અને તેણી કોઇ દહાડે ઇંગ્લંડની રાણી થવાનો જે સંભવ હતો અને જેથી તેણીને તે દિન સુધી માતાએ ખાસ મતલબથી અજ્ઞાન રાખેલી હતી, તે ખબર આપવાની એ વાત ઉપરથી તેણીએ તક લીધી.

એક કેળવાયલી રાણીનું રાજય અને તેના પ્રતાપ.

એ રીતે ઇંગ્લંડનાં તાજ તખ્તને માટે એક રાણી જાણે ખાસ ઘડવામાં આવી, અને તે ઘડનારી એક માતા હતી. આજે જ્યારે એ મહારાણીના ઘણાક સદ્ગુણો અને મનની પવિત્રાઇનો લાભ આપી પ્રજા ભોગવેછે ત્યારે તે સર્વ ખીલવવાનું માન તેની એ માતાને અપાયછે! ઇંગ્લંડની પ્રજામાં અપરાધીઓ અને મહા પાપીઓ થોડા નથી, તોપણ સુધરેલા વર્ગોમાં આજે જે મનની ચોખ્ખાઇ છે તેવી મહારાણીનાં રાજ્ય અગાઉ હતી નહી. જેમ કેળવણીના ફેલાવાથી પ્રજા સુધરી તેમ કેળવણીનાજ પ્રતાપે તેમને લાયકનીજ રાણી ગાદી ઉપર આવી, અને આજે ઇંગ્લંડની પ્રજા અને રાજા વચે જે એખલાસ અને સંપ છે તે એજ વિચારોનાં મળતાપણાથી છે. જેમ બીજા દેશોમાં તેમજ ઇંગ્લંડમાં આજ સુધી રાજ્યમેહેલ તે તરેહવાર બદીનું ધામ ગણાતું હતું, અને પૈસાદારો અને દરજ્જાવાળાઓ નીતિના કાયદાથી ઉલટા ચાલે તે જાણે ખુદરતી હોય તેમ માફ થતું હતું. પણ એક જવાન સદ્ગુણી રાણી તખ્તે આવી ત્યારથી રાજ્યમેહેલનો તાલોજ સુધરી ગયો અને અનીતિનો કોટજ ભાગી પડયો અને યથા રાજા તથા પ્રજા તેમ રાણીના દાખલાથી પ્રજા અને પ્રજાના માંગવાથી રાજા, બન્નેમાં સુધારો થઇ ગયો. પાછલાં રાજયોને દરમ્યાન રાજ્યમેહેલની બદીઓ, આપખુદી અને દોરથી લોક એટલું તો કંટાળી રહ્યું હતું કે જો આપણાં મહારાણી તખ્તે આવવા પછી આવો સુધારો નહી થઈ ગયો હતે તો ઇંગ્લંડમાં આજે ઘણાં વર્ષોનું પ્રજાસત્તાક રાજ્ય સ્થપાયું હતે, પણ એ ગુણવાન બાઇએ રાજ્યગાદી ઉપર આવી રાણીનાં નામને જેબ દીધી અને જે લોકો આજે સાઠ વર્ષ ઉપર રાજા રાણીને હસ્તિથી નાબૂદ કરવા માગતા હતા તેઓજ આજે રાણીને ચાહીને માન આપેછે. જ્યાં સ્ત્રીનાં પગલાં ગયાં ત્યાં નીતિ પંથરાય તેનો આ એક જીવતો દાખલો છે. એક સ્ત્રી તખ્તે આવવાથી આજે સ્ત્રીનો દરજ્જો વધ્યોછે. રાજ્ય ચલાવવું તે શું તે જે લોકો સમજેછે તેઓ સારી રવેસે માનેછે કે જ્યારે એક સ્ત્રી રાણી તરીકે આટલી ફતેહમંદ થઈ શકે ત્યારે તેણી બીજાં કોઈ પણ કામમાં ફતેહમંદ થઇ શકશે એમ મનાવું જોઇયે. એક વખત એવો હતો કે સ્ત્રીને ઊંચી

કેળવણી અને બીજાંનાં બળથી ચાલતા ધંધાઓમાં દાખલ કરવા સામે મોટો વાંધો લેવામાં આવતો હતો. આજે કોઇ ધંધો એવો નથી કે જે જો સ્ત્રી ચાહે તો નહી શિખી શકે. વળી ઇંગ્લંડનો જે ભપકો અને દમામ પારકાં રાજ્યોમાં જળવાઈ રહ્યોછે તે મહારાણીના પોતાના અંગત દમામથી છે. અલબતાં પ્રજાના પ્રતિનિધિઓ પાર્લામેંટ સભામાં બેસી રાજ્ય કરેછે પણ તે મહારાણીનાં નામથી છે. ઇંગ્લંડના આમ લોક સમજતા હોય કે અમે પોતે રાજ્ય કરીયે છીયે, પણ રાણીની બીજા દેશોની રૈયતો કંઇ પાર્લામેંટ સભાને ઓળખતી નથી, તે તો રાણીનેજ ઓળખેછે, રાણી તે તો રાણી, તેના હુકમને તેઓ તાબે થાયછે અને તેની સત્તાને માન આપેછે. જેમ આપણા દેશમાં તેમજ આફ્રિકાનાં અને બીજાં સંસ્થાનોમાં રાણીને નામે વહિવટ થાયછે એટલે સર્વ રૂડા રાજ્યકારોબારનું માન તેઓ રાણીને આપેછે. હવે ધારો કે એવી રાણીની અંગત વર્તણુંક વિષે જો કંઇપણ નાલેશી બહાર પડે તો શું લોક એટલુંજ માન એ રાજ્ય તરફ ધરાવે? કદી નહી. માટેજ આપણ ફરીથી કહીશું કે ઇંગ્લંડનાં બળનો મોટો પાયો મહારાણીના સદ્ગુણ ઉપર છે, તેથીજ પ્રજા ખાસ કરી તે મહાબાનુને આભારી છે, અને તેથીજ હજી તેમની આવી મોટી ઉમર થવા છતાં સર્વે પ્રજા ઇશ્વરને અરજ કરેછે કે તે સાહેબ એજ ભલી બાઇને રાજ્યપદ ઉપર હજી ઘણાં વર્ષ જીવાડે. મહારાણીની કજાથી ઇંગ્રેજી રાજ્ય અટકી પડવાનું નથી, તે તો તેણીના વારેસો ચાલુ રાખી શકશે, પણ એ બાઇના અમલથી જે ખાસ ફાયદા આપણને મળેછે તેનીજ ખૂટ પડશે, અને વળી કેટલાકો તો આજે એવા વિચાર દર્શાવેછે કે જો રાણી નહી હતે તો ઇંગ્લંડ આજે પોતાનાં ઘણાંક સંસ્થાનો ખોહી બેઠું હતે. તે એમ કે ઘણી વાર પ્રજામત એવું થાયછે કે સંસ્થાનો જે છે તે ઇંગ્લંડને માથે એક પીડ જેવાં છે અને તેમને સાચવી રાખવા કંઇ ખાસ ઉપાયો લેવા પડે તો પ્રધાનો તે લેવાની જરૂર જોતા નથી, પણ મહારાણીજી તો માણસજાતને એટલાં ચાહનારાં છે કે જે દેશો પોતાના અમલ તલે આવ્યાં તેનાં લોકોને સારાં રાજ્ય વહિવટનો લાભ આપવા માંગેછે, અને તેથી જેમ પોતાથી બની શકે તેમ ફાટફુટ પૂરતાં ને પૂરતાં રહેછે કે જેથી ઇંગ્લંડ અને તેનાં સંસ્થાનો વચેનો સંબંધ મજબૂત થાય.

વિકટોરિયાનું રાજ્ય ઊપર આવવું.

તા૦ ૨૦ મી જુન ૧૮૩૭ને દીને મધ્ય રાત્રીએ એક રાજ્યકર્તાને તેનાં તાજ તખ્તની પરવા ન કરતાં મોહોતનો દૂત ધસડી ગયો, કે પરોઢીયું થતાં દેશમાં અનેક હૈડાંમાંથી પોકાર ઉઠયો કે "ઇશ્વર રાણીને સલામત રાખો," અને તે દુવા ત્યાર પછીથી આજ સુધી ઉપકારી હૈડાંઓમાંથી એટલી બધી વાર નિકળીછે કે ઇશ્વરે તે સાંભળીને સ્વિકારી છે અને રાણીને ધારવા કરતાં ઘણાં વધારે વર્ષ સલામત રાખીછે.

એ દીને લાર્ડ ચેમ્બરલેન, વડો ધર્મગુરૂ અને સર હેનરી હાલફર્ડ પરોઢીયું થવા આગમજ મારતી ગાડીએ કેનસિંગટનના મેહલમાં ગયા અને શાહજાદી વિકટોરિયાને રાણી થવાની ખબર કેમ આપી તે ઘણી જાણીતી વાત છે. તેણી એ વાત સાંભળીને કેવી રડી પડી તે ઘણીવાર કવિઓએ કવિતામાં અને લખનારાઓએ પુસ્તકોમાં છાપ્યું છે, પણ આહા! એ એક એવી રસીલી વાત છે કે જે લખતાં અને તેમજ વાંચતાં કોઇ કંટાળતું નથી. અલબતાં ડચેસ ઑફ કેન્ટ અને તેની બેટી



વિકટોરિયા, ૧૮ વર્ષની ઉમરે.

રાજાની માંદગી વિષે તો જાણતાં હતાં પણ તેનાં મોહાતની ઘડી છેક નજદીક છે એવી તેઓને ખબર આપવામાં આવી ન હતી. માટે પેહેલાં જ્યારે નોકરોએ બારણાં ઠોકી માં દીકરીને ઉઠાડયાં, ત્યારે માતાએ ઉડી એવો જવાબ મોકલ્યો કે "જરા બેસો, વિકટોરિયા એવી તો ભર ઊંઘમાં છે કે તેણીને એકદમ ઉઠાડવા મને ગમતું નથી." પણ વડા ધર્મ-ગુરૂએ વળતો ઉત્તર મોકલ્યો કે કહો કે પ્રજાનાં કામને સારૂ રાણીએ ઉંઘ ખોવી જોઇએ ! ત્યારેજ મેહેલમાં દોડા-દોડ થઇ રહી, માતાએ દીકરીને ઉઠાડી, તરત એક સફેદ ઝભો પેહરાવી લઇ ખભાં ઉપર એક ગરમ ઓઢણી નાખી દીધી, અને તેણીને સાથે લઇ નિચલા ખંડમાં દિવાન-ખાનામાં રાહ જોતા બેઠેલા ધર્મગુરૂ અને ઉમરાવોને જઈ મળી.

ખોદાસનાસ વિકટોરિયાનો ધર્મ ઉપર ભક્તિભાવ.

પોતાના જઇફ કાકાનાં મરણથી નહી તેટલી પોતાની ઉપર આવી પડેલી જોખમદારી સમજી પેહેલાં તો તે નવી બનેલી રાણી રડવા લાગી. પણ આખરે પોતાની સનમુખ ઉભેલા માનવંત ઉમરાવોને વધારે તસદી નહી આપતાં તેઓ શું કેહેવા માંગતા હતા તે ઉપર તેણીએ લક્ષ દીધું. તેમનું કેહેવું સાંભળી લઇ પોતાની તરફથી તે ભલી નાની રાણી પેહેલું એજ બોલી કે "હું મારી ફરજો અને જોખમ-દારી સમજુંછું. પણ અરે ! તે મારાથી કેમ બજા લવાશે, માટે મેહરબાન ધર્મગુરૂ ! તમો મારે માટે પાર્થના કરો," અને તરત તે ધોળા વાળવાળા ધર્મગુરૂની પડખે જવાન રાણી, તેણીની માતા, અને પેલા બે બીજા ઉમરાવો ગુઠણ મરડી બેઠા અને તે પેદા કરનાર સાહેબની આગળ અરજ ગુજારી કે "આ બીનઅનુભવી રાણીને તેણીના રાજ્યનો જોખમભરેલો વહિવટ ચલાવવામાં ઇશ્વર મદદ કરે !"

અને જે રાણી દર પગલે ઇશ્વરને યાદ કરી તેની મદદ માંગીને આજ સુધી ચાલીછે તેણીને ઇશ્વરે અસાધારણ ફતેહ આપીછે. એક મોટા ચિતારાને હાથનું એક ચિત્ર થોડાંક વર્ષ ઉપર બહાર પડેલું મને યાદ આવેછે કે જેમાં વિક્ટોરિયાને એક આફ્રીકન જંગલી માણસ પુછેછે કે તમારૂં રાજ્ય આવું ફતેહમંદ અને બળવાન શાથી? તેના જવાબમાં મહારાણીજી ધર્મપોથી તેને દેખાડેછે. એ ચિત્ર ઇંગ્લંડની મોટાઈનું ખરૂં કારણ દર્શાવેછે. જેટલી રાણી તેટલીજ પ્રજા ધાર્મિક છે. બન્ને પોતાની ધર્મ સંબંધી ફરજો સારી રવેસે સમજેછે અને બન્નેને ઇશ્વરના આશિર્વાદ પૂરતા મળેલાછે.

માત્ર નામની નહી પણ કામની રાણી.

પણ કેટલાંક લોકને એવો વિચાર છે કે ઇંગ્લંડનું રાજ્ય તો પ્રધાનો અને પાર્લામેંટ સભાજ ચલાવેછે. રાણીના હાથમાં શો કારોબાર છે? અને પેહેલી નજરે એવું દેખાયછે ખરૂં, પણ તેમ નથી. જેમ જેમ રાજ્યની મોટાઇ વધેછે તેમ તેમ રાણી પોતે વધારે મેહનત કરેછે. તૈયાર કીધેલા દસ્તાવેજોપર તેણી મુગે મોહડે સહી કરતી નથી, કે લખી આપેલાં ભાષણો વાંચી જવામાંજ તેણીની બધી ફરજો આવી રહેલી તેણી સમજતી નથી. તેણી તો પોતાનાં રાજ્યને જાણે પોતાનું એક મસ મોટું ઘર હોય તેમજ ગણેછે કે જેનો બોહળો કારોબાર ચલાવવા તેણીએ અસંખ્યાત નોકરો રાખ્યાછે ખરા, પણ તોબી તેણી પોતે એકલી જેટલું તે ઘરને સંભાળવાનું ને આબાદ રાખવાનું કરી શકે તેટલું કરતી રહેછે. આજના કરતાં વધારે જવાનીના વખતમાં એ ચાલાક બાનુ પોતાના વજીરો સાથ દરેક બાબદનો ફડચો કરવા પેહલાં વાતચિત અને તકરાર કરતી એટલુંજ નહી, પણ પોતાનાં સંસ્થાનોના સર્વ હાકમો અને સેનાધિપતિઓ સાથ પોતે પત્રવેહવાર રાખતી અને તેમને તાબેના મૂલકો અને લશ્કરોને લગતી સર્વ કાંઇ બીનાથી વાકેફ રેહતી. ઘણીવાર તેણીને પ્રધાનો સાથ મતફેર પડેછે, ઘણીવાર તેણી તેઓના રજુ કરેલા ખરડા-ઓમાં ફેરફાર કરાવેછે તે એટલાસુધી કે તેણીના બાહોશ પ્રધાનો તેણીની મનશક્તિથી હેરત થાયછે, અને હવે તો તેણીના લાંબા અનુભવને માન આપી તેણીના કેહેવા પ્રમાણે ચાલવામાં વધારે ડાહપણ સમજેછે. પોતાનાં રાજ્યનું ભલું કરવાના એકજ હેતુથી તેણીએ પોતાની જીંદગીનાં બધાં જાહેરજ નહી પણ ખાનગી કામો પણ કર્યાછે. પોતાને માટે પતિ પસંદ કરવાથી તે પોતાનાં બાળબચ્ચાંને પરણા-વવામાં પણ તેણીએ દેશનો લાભ પેહેલો તપાસ્યોછે, અને પોતાની અંગત સત્તા અને દમામથી દેશના હકમાં ઘણાક ફાયદા કીધાછે. તેમજ વળી કેટલાક કંટાળા ફુઠળા અને ગેરસમજુતીઓ જે બીજાં મંડળોમાં નહી તેટલા રાજ્ય મંડળોમાં ચાલેછે તે સર્વ ઘણી સબુરી તેમજ પક્કી હુશી-યારીથી તેણીએ ખામોસ કર્યાછે. ઘણીક ગરીબ સ્ત્રીઓએ રાણીના જેવી થવા ઇચ્છયું હશે, પણ રાણીએ પોતે ઘણી વાર ગરીબ સ્ત્રીઓની સાદી જીંદગી ભોગવવા ચાહી હશે, એટલી એમની જીંદગી જવાબદારી ભરેલી છે. ઇંગ્રેજી પ્રજાજ એવી બાહોશ સાથે વળી બળવાન છે કે જો રાજા કે રાણી તેની મરજી પ્રમાણે નહી વર્તે તો તેઓ તેને સેહલથી તખ્ત ઉપરથી ઊઠાડી મુકે અને એવી પ્રજાને રાજી રાખવાનું કામ સેહેલું નથી. બાદશાહી કુટુંબમાં જે બનાવ બને તે ઉપર ચોકસ ધ્યાન આપી ચુનોચરા કરવાનો એ પ્રજા પોતાનો હક સમજેછે, અને તેથી કોઇ વાર વાજબી રીતે તો કોઇ વાર ગેરવાજબીપણે પણ એ હક વાપરેછે. હવે ઘણાં વર્ષ પોતાની રાણીની વર્તણુકનો અનુભવ મળવા પછી તો લોકો તેણીનાં ડહાપણ ઉપર પૂર વિશ્વાસ રાખેછે, પણ સરૂઆતમાં શો તેમનો

દોર ! નહી રાણીજીથી પોતાની મરજી પ્રમાણેના સલાહકારીઓ રખાય કે નહી સખીઓ રખાય ! રાણીની સખીઓ પણ કોણની દીકરીઓ યા સ્ત્રીઓ થાયછે તે પ્રજા પુછી શકતી અને જો લિબરલ પ્રધાનપદ વખતે કનઝરવેટીવ પક્ષવાળી સખીઓ રાણીજીએ રાખી તો તેણી ઉપર ઠપકાનો ત્રાસ વર્શાવતા. શરૂઆતમાં વિક્ટોરિયાને ઘણી બીનઅનુભવી જોઇ તેણીની માતાએ લાર્ડ પામર્સટન જેવા સુદ્ધા ઉમરાવને તેણીનો સલાહકાર નેમ્યો તો તેના સામે પ્રજા પોકાર ઉઠયો કે એ તો પોતાનીજ ટોળી—જે લિબરલ પક્ષ હતી—તેના તરફ રાણીજીના વિચાર ફેરવી નાખશે, અને જ્યારે તેને રૂખસદ આપી મહારાણીએ પોતાના મામાના એક વિશ્વાસુ તબીબ મિત્ર બેરન સ્ટોકમારની સલાહ લેવા માંડી ત્યારે તેનાં સામેખી પ્રજાએ શોર બકોર કરી મુકયો, જોકે એ બેરન સ્ટોકમાર એક ભલા અને બાહોશ તેમજ તદનજ બીનસ્વાર્થી માણસ તરીકે જણાયલો હતો. એથી એવું થયું કે જે રાણી પ્રજાને સુખી કરવા પોતાનાં સુખનો પણ વિચાર નહી કરતી હતી, અને જેનું ભોલું મન પ્રજા તરફની ફરજને સર્વથી પ્યારી ગણતું હતું તેના ઉપર લોક રીસે ભરાયું. કોઇ કેહતા કે તેણી રાજ્યકારોબાર ચલાવવામાં એક જર્મનની સલાહ લઇ ઇંગ્લન્ડનું નખોદ વાળેછે તો કોઇ કેહતા કે તેની સલાહથી મહારાણી પોતાનો ધર્મ ખોઇ બેસવાની છે, વગેરે વગેરે !

રાણીએ પરણવું જોઈએ.

હવે કરવું કેમ ! મહારાણી તે વખતે એટલાં બીનઅનુભવી હતાં કે દર પગલે કોઇનીબી સલાહ લેવા વગર તેમનાથી ચલાતું નહી. તેમનાં માતા ડચેસ આફ કેન્ટે જર્મનીના એક નાના પ્રાંતમાં રાજ્ય કર્યું હતું ખરૂં પણ તે કયાં ને ઇંગ્લન્ડનું બળવાન મોટું રાજ્ય કયાં ? માટે મહારાણીના બેસીઓનું ધ્યાન તેણીને એક હંમેશનો સલાહકાર અને મદદગાર અપાવવા ઉપર રોકાયું, તેઓએ વિચાર કર્યો અને તે વાજબી હતો કે એક સ્ત્રી પોતાનું મન જેટલું પોતાના ધણી આગળ ખુલ્લું કરી શકેછે તેટલું એક મિત્ર આગળ કરી શકતી નથી, તેમજ વળી પ્રજા એક પ્રધાન કે સલાહકારને માટે વાંધો લઇ શકે પણ એક ખાવિંદની સલાહથી ચાલતી સ્ત્રીને અટકાવી શકે નહી, માટે તેણીને પરણાવવી જોઇએ. હવે રાણી વિક્ટોરિયાને પરણાવવાનો વિચાર કરીને પછી કાંઇ તેના બેશીઓ તેણી માટે ધણી શોધવા નહી ગયાં, પણ જેઓ તેણીનું તેમજ દેશનું ભલું ચાહાનારાં હતાં તેઓ તો ઘણાં ઘણાં વર્ષથી તેણીને માટે એક જવાન શાહાજાદાને ગોયા ખાસ "ઘડી કાહાડવા" રોકાયલાં હતાં.

સગાંવ્હાલાંઓની તજવીજો.

એ ભલું ચાહાનારાં તે મહારાણીના મામા રાજા લીઓપોલ્ડ, ઉપલોજ ઉમરાવ બેરન સ્ટોકમાર અને મહારાણીની માતા એટલાં હતાં. તેઓએ નાના શાહાજાદા આલબર્ટમાં કેટલાક એવા ગુણ જોયા હતા કે જેથી તેઓને માલમ પડયું હતું કે તેજ રાણી વિક્ટોરિયાનો ભરથાર થવાને લાયક હતો. એ શાહજાદો મહારાણીના મામાનો દીકરો એટલે કે બેલજીઅમના રાજા લીઓપોલ્ડના એક મરનાર ભાઇનો દીકરો થતો હતો. ભલો રાજા લીઓપોલ્ડ પોતાની વિધવા બેનની દીકરીને એક પિતાના પ્યારથી ચહાતો અને તેણીનાં ભલાંને માટે સદા મેહનત લેતો હતો. આલબર્ટના સારા ગુણ જોઇનેજ તેણે તેને વિક્ટોરિયા સાથ પરણાવવાની ઉમેદ બાંધી હતી, તોપણ પોતાનાજ વિચારે ન ચાલતાં તેણે પોતાના અંગત મિત્ર બેરન સ્ટોકમારની સલાહ લીધી હતી, કેમકે એ ભલા તબીબે વિક્ટોરિયાને એક પોતાની બેટીની પેઠે નાનપણથી ચાહી હતી, અને વિક્ટોરિયા પણ તેનાપર ઘણો પ્રેમ રાખતી હતી, તેમજ વળી એ ઘણી ઘણાં વર્ષ ઇંગ્લન્ડમાં રહી ઇંગ્લંડની પ્રજાના આચાર વિચારથી પૂરો વાકેફ થઇ રેહેલો હતો અને એ પ્રજા પોતાની રાણીના પતિ તરીકે કેવા માણસને પસંદ કરશે તે બરાબર સમજતો હતો. બેરન સ્ટોકમારની સલાહ એ હતી, કે થોડો વખત થોભીને નાના આલબર્ટની ચાલચલણ અને મનની વળણ તપાસવી. ઇંગ્લંડની રાણીનો ભર્તાર તે એક વગર સત્તાનો અલફાતું માણસ નહી, પણ એક મહા સત્તાધારી થઇ પડવાનો સંભવ હતો. જેને રાણી ચાહે અને માન આપે તેનાજ વિચારો પ્રમાણે તેણી ચાલે એ સ્વભાવિક હતું, માટે જો રાજા લીઓપોલ્ડ એ સારૂં ગોઠવવા માંગતો હોય તો તેણે આલબર્ટને પોતાની નજર હેઠલ રાખી સંભાળથી કેળવવો. પછી તેમજ રાજા લીઓપોલ્ડ અને બેરન સ્ટોકમારે તેને પોતાની સંભાળ હેઠલ રાખીને કેળવ્યો અને ઇંગ્લંડની રાણીને પરણવા લાયક બનાવ્યો.

પ્રિન્સ આલબર્ટની પસંદગી.

તખ્તે આવતાં વાર તો નાનાં રાણીસાહેબે પકો ઠરાવ જાહેર કીધો હતો કે મારે હાલ ચાર પાંચ વર્ષ પરણવું નથી; જોકે એમને માટે એમનાં સગાંવ્હાલાં જે પાટીયાં ગોઠવતાં હતાં તેથી એઓ કંઇ અજાણાં નહી હતાં, પણ સામાં પ્રિન્સ આલબર્ટ તરફ ઘણા માન અને પ્યારથી



વિક્ટોરિયા—સન ૧૮૩૬ માં.

જોતા શિખ્યાં હતાં. પણ થોડા વખતમાં તેઓ પીગળી ગયાં. ઉપર પ્રમાણે એક ખરા મિત્ર અને દિલોજાનીભર્યો સલાહકારની ખોટ તેમને વધારે ને વધારે માલમ પડવા લાગી, અને ખુબસુરત તેમજ ચાલાક અને લાયકીવાળા શાહજાદા આલબર્ટ તરફ તેમનું દીલ વધારે દોડવા લાગ્યું, એટલે એક વખત એક મેળાવડામાં સાથે મળ્યાં ત્યાં એકાએક તેઓએ તે જવાનને પોતાની પાદશાહી ખાહેસ જાહેર કરી દીધી. પ્રિન્સ આલબર્ટ તે વખતે ઇંગ્લંડ આવેલો હતો. ખરૂં બોલ્યે તો તેનાં સગાંઓએ ખાસ મતલબથી તેને મોકલ્યો હતો અને ઘણુંખરૂં પોતાની ધારેલી પ્રિયાની સંગતમાં ફરતો હતો.

પોતેજ માગણી કરવાની વિકટોરિયાની હિંમત.

ઇંગ્રેજી મંડળીના કાયદા પ્રમાણે હંમેશ પુરૂષ સ્ત્રીને લગ્નની માગણી કરેછે, રાણીને પોતાને એ હક ખાસ મળેલોછે ને રાણી વિક્ટોરિયાએ પોતે એ વાત કાઢી નહી હતે તો શાહજાદા આલબર્ટથી તેણીને માગણી કરાતે નહી. માટે વિક્ટોરિયાએ પાછળથી પોતાના મિત્રોને જણાવ્યું તેમ "ઘણીજ હિંમત એકઠી કરી મેંજ મુખેથી એ વાણી કાઢી હતી."

વિક્ટોરિયા એ વખતે કેવી કોમળ અને પરીસુરતની કન્યા હતી તે પાસેનાં ચિત્ર ઉપરથી જણાશે, કે જેમાં એ શાહજાદીની તેવેળાની જુવાનીની કોમળતા અને લાવણ્યતા સઘળી ચિતરાઈછે. આવી એક કોમળાંગીની માગણી આલબર્ટ જેવા એક જુવાન શાહજાદાથી કેમ ના પાડી શકાય? જેવી નરમાસથી વિક્ટોરિયાએ આ સવાલ પુછવાની હિંમત કીધી તેવીજ ઉલટથી આલબર્ટે હા કહીને તેનો સન્મુન રાખ્યો એટલેજ તેઓ સુખી થયાં અને પછી સઘળો પરણ્યો ભવ સુખીને સુખીજ રહ્યાં.

એ પછી બન્નેએ એ વાત પોતાના મુરબ્બી રાજા લીઓપોલ્ડને લખી જણાવી જેણે સાંભળતાંવાર એટલીજ દુવા ગુજારી કે "આપણી ભલી વિક્ટોરિયાના રસ્તામાં આલબર્ટ કાંટા વગરનાં ગુલાબનાં ફુલો પાંથરે!"

પોતાના વજીર લાર્ડ મેલબોર્નને જ્યારે મહારાણીએ એ વાતથી વાકેફ કીધો ત્યારે તે બોલ્યો "હું ધારૂંછું કે લોકો એ વાત જાણી ઘણાં ખુશી થશે, કારણકે હવે લોકો આપના લગ્નને માટે આતુર થઇ રહ્યાંછે. આપને એથી ઘણી સગવડ થશે, કારણકે ગમે એવા મોટા દરજ્જાવાળી હોય, તોપણ સ્ત્રી ઘણો વખત એકલી ઉભી રહી શકતી નથી." પ્રિન્સ આલબર્ટે પોતાનાં બપાઇને એ વાતની ખબર આપતાં લખ્યું કે "જે ખુલ્લાં ખાલેસ દીલથી એ વાત વિક્ટોરીયાએ કીધી તેથી જાણે મારાપર કંઇ જાદુઇ અસર થઇ ગઈ." પોતાની માતાને શાહજાદાએ નિચે પ્રમાણે લખી પોતાનું દિલ ખુલ્લું કર્યું :——

"એ લગ્નથી કંઇ હું તદનજ સુખી થઇશ એમ હું સમજતો નથી. દુખ તો બધી હાલતમાં માણસને સર્જેલુંછે. પણ મને સંતોષ એટલોજ છે કે જો હું કંઇબી ખમીશ તો તે કરોડોનું ભલું કરવાની કોશેશ કરતાં ખમીશ, અને એ વિચારથી મને ઘણી હિંમત આવેછે."

અને નાની ભલી વિક્ટોરિયાએ તો એમજ માન્યું કે આલબર્ટ જેવો ઉંચા ખવાસનો જવાનો તેણીના મહાન દરજ્જા ઉપર લોભાઇને તેણીને પરણવા ઉમેદવાર નથી થયો પણ તે તો એક રીતે પોતાનાં સુખ અને છુટાપણાંનો ભોગ આપેછે; અને તેથી તે એમજ કહેતી કે "એણે મારે માટે કેવો મોટો ભોગ આપ્યોછે તે એને માલમ નહીં પડે એવી રીતે વર્તવાને હું મારાથી બનતું કરીશ. મેં તો એને કહ્યું કે તું મારે માટે ઘણો મોટો ભોગ આપેછે, પણ એ પોતે તેમ કબુલ કરતો નથી."

પોતાના મામાને એ વિષે લખતાં મહારાણીએ નિચલા શબ્દો વાપર્યા હતા !

"હું તમોને કહી શકું તે કરતાં ઘણોજ વધારે હું એને ચાહુંછું, અને એને સુખી કરવાને હું મારાથી બનતું બધું કરીશ......એ બધી વાતથી જાણે હું ગભરાટમાં ઘેલી થઇ ગઇછું......લાર્ડ મેલબોર્ન આ ટાંકણે પણ હંમેશની એવણની રીત પ્રમાણે ઘણી માયા અને હિતથી વર્તયાછે."

ભલો બેરન સ્ટોકમાર એ બનાવથી ઘણોજ રાજી થયો અને પોતાનો વિચાર નિચે પ્રમાણે એક મિત્રને લખી જણાવ્યો.

"મને ખાતરી છે કે એ બન્ને અરસપરસના ચાહ, ઇતબાર અને માનથી એકમેકને ઘણાંજ સુખી કરશે. હું રાણીને નાનપણથી ઓળખુંછું ને તેથી જાણુંછું કે તે જેટલી પિછાન કરવામાં ચાલાક અને ચોકસ છે તેટલીજ સુઘી, સ્વચ્છ મનની, અને જરા પણ પતરાજી કે મગરૂરી વિનાની છે, તેથી તેણી શાહજાદાના ગુણ પૂરી રીતે પિછાણશે. જો રાણી તેને ખરેજ ચાહતી હશે અને તેની લાયકી પિછાણતી હશે તો પછી આલબર્ટ સુખીજ થવાનો— પણ તે પ્રજાની પસંદગી મેળવ્યા વગર નહી. અલબત્તાં જેમ મોટા દરજ્જાવાળાઓને તુફાનો ખમવાં પડેછે તેમ એનેબી ખમવાં તો પડવાનાંજ, પણ જો રાણીનો ચાહ અને પ્રજાનું માન એણે મેળવ્યું તો દરેક તુફાનમાંથી એ સલામત બચી આવવાનો એમ હું નકી માનુંછું."

દેશમાં એ ખબર ફેલાતાં ભારે ખુશાલી પ્રકટી નિકળી. ચોમેરથી લોકો પોતાની પસંદગી જણાવવા પડયાં અને તા૦ ૧૦ મી ફેબ્રુઆરી ૧૮૩૯ ને દિને મોટા ઓચ્છવ અને ખુશાલી સાથ મહારાણીનાં લગ્ન પ્રિન્સ આલબર્ટ સાથે પાર પડયાં.



સેંટ જેમ્સનાં પાદશાહી દેવળમાં વિક્ટોરિયા અને આલબર્ટ વચ્ચે લગ્નમાં હસ્તમેળાપ.
(તા૰ ૧૦ મી ફેબ્રુઆરી ૧૮૪૦.)

પાદશાહી જોડાંનો પરણેલો સંસાર.

સરૂઆતમાં એ સમજુ રાજકુંવર ઇંગ્લંડની સરકારી ખટપટોમાંથી દુરજ રેહેતો, કોઇજ વાર કંઇ ખાસ કારણ હોય તોજ રાણીજીની સાથે દરબારમાં બિરાજતો, પણ તેને એવી રીતે રેહેવાનું ગમતું નહી, એવું તેણે પોતાના એક મિત્રને લખેલા નિચલા શબ્દો ઉપરથી જણાયછે.

"હું મારા સંસારમાં તો ઘણોજ સુખી અને સંતોષી છું. પણ મારાથી મારો ટેક રખાતો નથી, જેનું કારણ એજ છે કે હું રાણીનો વર છું ખરો પણ ઘરનો ધણી નથી!"

તોપણ શાહજાદાને જરાખી માઠું નહી લાગે એવી મતલબથી મહારાણી તેની દરેક વાતમાં સલાહ લેતાં, તેને સરકારી દસ્તાવેજો દેખાડતાં અને સર્વ બાબદથી વાકેફ રાખતાં. શાહજાદો પોતાના વિચાર ઘણી વાર લૉર્ડ મેલબોર્નને જણાવતો પણ તે ઉમરાવ તે ઉપર અમલ કરવાની કદી મરજી દેખાડતો નહી, જોકે તેના ઉપર અસર થયલી માલમ પડતી હતી ખરી. પણ શાહજાદો ચતુર અને ખંતીલો હતો, તે દરેક જાહેર સવાલ ઉપર પૂરતું ધ્યાન આપતો અને દરેક જાહેર કાયદાનાં કામમાં રસ લઇ તેમાં ભાગ લેતો જેથી તેના તરફ લોકમત જલદી પ્રસન થઇ ગયું. તેણે પેહેલું જાહેર ભાષણ કીધું તે વખતે શી લોકોની ઉલટ તેને સાંભળવા માટે! તે દિને ગુલામી ધંધા સામે એક જાહેર સભા ભરાઇ હતી તેનો અધ્યક્ષ પ્રિન્સ આલબર્ટને નેમવામાં આવ્યો હતો, અને સભા સરૂ થવાનો વખત અગ્યાર કલાકનો જાહેર થયલો હતો, તોપણ હજારો લોક સહવારે સાત વાગતેથી "એક્ઝાટર હાલ"ના દરવાજાની બાહર તપતું ઉભું રહ્યું, અને શાહજાદાને જોતાં હુરરેના પોકારોથી વધાવી લીધો. પછી વળી તેને ઇંગ્રેજી ભાષા જરા પણ ચૂક વગર ઘણી સારી છટાથી બોલતો સાંભળીને લોક વધારે ને વધારે પ્રસન થયું, અને તેને ઘણું માન આપ્યું.

એમ દેશના કાયદાનાં કામોમાં ખરાં અંતકરણ અને ઉત્સાહથી ભાગ લઇ શાહજાદાએ દેશ તરફનો પોતાનો પ્યાર અને પ્રજાએ શાહજાદા તરફ પોતાની પસંદગી અચૂક આકારમાં દેખાડી આપી.

પણ એક જાહેર જીંદગીમાંખી કેટલા કંટાળા અને કેટલા બળાપા છે! અને તેવા ઘણા આ બાદશાહી જોડાંને વેઠવા પડતા, જો કે અરસપરસના પ્યારમાં તે સર્વ ભુલાઇ જતું. એ કારણથી બન્નેને રાજ્યધાણી શેહર મુકી સાદાં ગામડાંઓમાં જઇ ખુદરતી રચનાની વચે જીંદગી ગુજારવા ઘણુંજ ગમતું. આજે માહારાણીજી ઠેક એકાંત જેવી જીંદગી ગુજારેછે; પણ તે દિવસો ઉપર તેઓ જ્યારે જ્યારે લંડનમાં ઉનાળાની મોસમ ઉપર આવે ત્યારે પોતાના મેહલમાં છાજતા ઠાઠ સહિત "બાલ" (નાચ) વિગેરે ગમતો કરાવતાં હતાં તથા તેમાં પોતે સામેલ થતાં. તોપણ તેઓને તેમજ તેમના પતિને આવી આવી શેહરની હસ્તકૃત રચનાઓ કરતાં ગામડની ખુદરતી શોભા વધારે પસંદ આવતી, અને ત્યાંજ ગયા પછી તેઓથી પોતાનું "ઘરનું સુખ" પણ ભોગવાતું. ઘણાક પૈસાદાર અને દરજ્જાવાળા લોકોને પોતાનાં ઘર મુકી પારકાં ઘરોમાં ખાવા પીવા અને પોતાનાં બાળબચ્ચાંની સંગત છોડી લોકની સંગતમાં સુખ શોધવાની ટેવ હોયછે, પણ આ સંપીલાં જોડાંને તો પોતાનાં ઘર જેવું વ્હાલું બીજું કંઇ લાગતું નહી. લોકો શાહાજાદાની મશ્કરી પણ કરતાં કે તેને સર્વ મોજ મજાહ મુકી પોતાની પ્રિયાની પડખે ભરાઇ બેસવા ગમેછે, પણ તેઓ તેનાં સ્વચ્છ દિલની ખાલિસ મજાહનો સ્વાદ શો જાણે? એ બન્નેને સાથેજ ફરવા, સાથેજ વાંચવા લખવા, સાથેજ ગાવા બજાવવા ગમતું હતું, અને જ્યારથી એમને બચ્ચાં થયાં ત્યારથી પોતાનાં બચ્ચાં સાથે પણ પળોટાઇને રેહેવા ગમતું, અને જેમ તેઓ રાજ્યધાની શેહરથી બહાર જતાં તેમ દેશમાં વધુ ફરતાં અને લોકોની જીંદગીનો વધુ અનુભવ મેળવતાં. શેહરમાં તો નેમી આપેલાં ઠેકાણાં શિવાય રાણીસાહેબથી જવાય નહી, જ્યારે ગામડાંમાં તેઓ ઘણીવાર પગે ચાલતાં ફરવા નિકળતાં અને વગર ઓળખાવે લોક સાથ વાતચિત કરી તેમનાં દુઃખસુખથી વાકેફ થતાં.


આ રીતે લગ્નને એકવીસ વર્ષ પૂરાં થયાં તે દિવસ એ બાદશાહી જોડાંએ ખાસ ખુશાલીથી તેહવાર તરીકે પાળ્યો. તે દિને પોતાના મામા રાજા લીઓપોલ્ડને લખતાં મહારાણીએ નીચે પ્રમાણે પોતાનો હર્ષ દર્શાવ્યો હતો.

"લગ્ન પછી એકવીસ વર્ષ કેટલાં થોડાં મારી પેઠે કહી શકશે કે અમે લગ્નનાં પેહેલાં વર્ષમાં જેટલી મિત્રાચારી, માયા અને પ્રિત એકમેક તરફ ધરાવતાં હતાં તેટલીજ આજે પણ ધરાવ્યે છીએ."

તેમજ પ્રિન્સ કોનસર્ટે પણ એક ખાનગી પત્રમાં લખ્યું હતું કે:—

"આવતી કાલે અમારા લગ્નને એકવીસમું વર્ષ પૂરું થશે. કેટલાં તુફાન એ સમય ઉપરથી પસાર થઇ ગયાંછે! પણ અમારા પ્રેમનું ઝાડ હજી લીલુંને તાજુંજ રહ્યુંછે, અને મજબૂત જડ પકડતું જાયછે, જેનાથી મને આશા આવેછે કે દુન્યાને હજી ઘણો ફાયદો થશે; આથી હું ઇશ્વરનો આભારી થાઉંછું."

પણ અફસોસ! એ આશા તેજ વર્ષમાં ખોટી પડી, મોહોત એ પ્રેમી જોડાંને છૂટું પાડ્યું, અને તેમની ઘણીક ઉમેદો પાર પડ્યા વિના રહી ગઇ તે વાંચનાર આગળ જોશે.




પાદશાહી આમની કે મીજલસ.

રાણીજીના દીકરા દીકરીઓ.



પ્રિન્સેસ રાયલ ૧૭) મહીનાની અને પ્રિન્સ આફ વેલ્સ ૫) મહીનાની ઉમરે.

જેવી રીતે મહારાણીને કેળવવાની એમનાં માતાએ મેહનત લીધી હતી, તેવીજ રીતે એ નામદારે પોતાનાં સંધાં બાળકોની કેળવણી ઉપર ખાસ ધ્યાન આપ્યું. તેમને વિદ્યાભ્યાસ કરાવ્યો એટલુંજ નહીં પણ ઘરની કેળવણી આપવામાં સંઘી મેહનત પોતે કીધી. પૈસાદારોજ નહીં પણ ગરીબો વહીક છોકરાં જેમ ગમે તેમ બોલે ને ગમે તેમ કરે એવી તેમને છુટ આપેછે, પણ આ બાદશાહી છોકરાંને પેહેલો જે કાયદો શિખવવામાં આવ્યો તે તાબેદારી કરવાનો કાયદો હતો; તાબેદારી કરવા, વડાંને માન આપવા અને આસપાસનાંઓ સાથ માયાથી વર્તવા તેઓએ બચ્ચાંઓને નાનપણથી ટેવ પાડી. મહારાણી કેહેતાં હતાં કે "છોકરાંને ઘણી સાદી રીતે ઉછારવાની અને તેમને ઘરસંસારી કેળવણી આપવાની મારી મરજી છે." અને તેથી તેઓ ઓસબર્નના એકાંત મેહલમાં ઘણું કરી છોકરાંને રાખતાં, પણ તેઓ પોતે અને પ્રિન્સ કોનસર્ટ પણ ત્યાં હોય ત્યારેજ; કેમકે એ બાદશાહી માતપિતાનો એવો વિચાર હતો કે છોકરાં માતપિતાની સંગતમાં જેમ વધારે રહે તેમ સારૂં, કે માતપિતાની ઉપર બધી વાતમાં



આસબર્નનો મહાળય—આઇલ ઑફ વાઈટ.

વિશ્વાસ રાખતાં શિખે. ઇંગ્લન્ડમાં ઉંચ વર્ગના લોકનો એવો ધારો તે વેળા પણ હતો અને હજીબી છે કે છોકરાંઓને નાનપણથી નિશાળે મોકલી રાતદિવસ ત્યાંજ રાખવાં અને તેહેવારોપરજ ઘર આવવા દેવાં, પણ મહારાણીને એ વિચાર ગમતો નહીં હતો. તેઓ તો પોતાનાં બાળકોને પોતાની નજર તળેજ ઉછારવા ઘણાં ખંતી રેહેતાં, અને આજે જ્યારે એ છોકરાં મોટાં થયાંછે ત્યારે કોઇ એક એવું નથી નિકળ્યું કે જેનાં સામે એક બુરો શબ્દ પણ ઓચરી શકાય. સર્વ નીતિમાન, સદગુણી અને મિતાહાર બન્યાંછે, અને પ્રજાપ્રિય થઇ પડયાંછે.

દુન્યાંદારીની કેળવણી.

ઓસબર્નના મેહલની વાડીમાં દરેક છોકરાંને તેઓએ જમીનના નાના નાના કટકા આપી બાગબાની કરવા શિખવ્યું હતું, જ્યાં તેઓ હાથેજ ખાડા ખણતાં, ઝાડોને પાણી સીંચતાં અને પોતાના બાગમાં સુંદર ફુલો અને સ્વાદિષ્ટ તરકારી ઉગાડતાં. વળી તેમનું સામાન્ય જ્ઞાન વધારવાના હેતુથી મહારાણીએ તેમને માટે એક ખાસ સંગ્રહસ્થાન બનાવ્યું હતું, જેમાં તેઓ પોતાને દરિએ કે નદી કાંઠેથી મળતી બધી ચીજો લાવી એકઠી કરતાં અને તે વિષેનું જ્ઞાન પોતાના પિતા તરફથી મેળવતાં. વળી એક નાની જેવી સુથારની દુકાન બનાવેલી હતી, જ્યાં છોકરાંઓ બેસી બધી જાતનાં હથીયારો વાપરવા શિખતાં. છોકરીઓને માટે ખાસ એક નાનું રસોડું બનાવેલું હતું કે જ્યાં તેઓ રસોઇ કરવા શિખતાં. તેમની પાળેલી ગાયોનાં દુધનો ઉપયોગ તરેહવાર રીતે કરવાની રીત તેમને એક નાની ગૌરસ શાળામાં શિખાડવામાં આવતી, અને એ બધાંની વચ્ચે એક ખાસ નાનું પણ શોભિતું ઘર બાંધી તેમાં તેમને વિદ્યાભ્યાસ કરવા બેસાડવામાં આવતાં. તે વેળા તેમને જે લોકોએ જોયાં હતાં તેઓએ તેમની અદબ અદાની જાબજા વખાણ કીધેલી નોંધાઈ રહીછે. માતપિતા પોતાથી બનતો વખત બાળકોની સંગતમાં રોકતાં અને તેમની સાથ રમત ગમત કરતાં; પણ જેવો શિખવાનો વખત થયો કે ગમે એટલી રમત હોય તે નાખીને શિક્ષકો આગળ હાજર થવાની તેમને તમેહ પાડી હતી. તેમનાં શિક્ષકોને પોતે ઘણું માન આપી છોકરાંઓને પણ માન આપતાં શિખવતાં. સાધારણ પૈસાદારોનાં બચ્ચાં પોતાનો દરજ્જો ઘણીવાર શિક્ષકોથી ચઢતો ગણી તેમને ગણકાવતાં નથી, પણ આ બાદશાહી કુટુંબનાં છોકરાં તો શિક્ષકોને માન આપતાં, તાબે રેહેતાં અને વળી ઘણાં ચહાતાં.

દયાળુ ઘરધણીઆણી.

પોતાની નોકરીમાંના ગરીબ નોકરો તરફ મહારાણી કેવી માયાથી વર્તેછે તેના ઘણા દાખલા જણાયલાછે. મોટાં માણસો ગરીબોને ઘણા ઘણા પૈસા આપ્યામાંજ તેમનો તરફ માયા રાખેલી સમજેછે. પણ આ બાદશાહી જોડું તો નોકરોનાં દુઃખસુખમાં ભાગ લેતું, તેમને વખતસર સારી સલાહ કે શિખામણ કે કોઈ વાર દિલાસો પણ જોઇયે તે આપતું. એક વાર છોકરાંઓની એક સ્ત્રી શિક્ષક મહારાણીજી પાસે ગઇ અને પોતાની માતા જે ઘણી માંદી હતી તેણીને મદદ કરવા જવાની રજા માંગી. "હું ઘણી દલગીર છું," તે બોલી "કે મને મારૂં કામ મુકી જવું પડેછે."

પણ મહારાણીએ તેણીને માયાથી કહ્યું. "કંઇ નહી તમારી માતા આગળ જાઓ, અને તમારૂં મન નચિંત રાખી તમારી માતાની બરદાસ્ત કરજો, અને ગમે તેટલા દહાડા રેહેજો, તેટલાં આલબર્ટ અને હું તમારૂં કામ ઉપાડી લઇશું અને તમારે બદલે કોઇ બીજીને નહી રાખીશું."

ઘણી ઉપકારી થઇ તે છોકરી બિચારી ગઇ અને થોડેક દહાડે માતા મરી જવા પછી શોકનો લેબાસ પેહરી પાછી આવી, જે જોઇ મહારાણીએ તેણીને ઘણી માયાથી દિલાસો દીધો; પણ તેટલુંજ નહી. તેણીની માતાનાં મરણનો દિવસ એ હજારો રોકાણોવાળી મહાબાનુએ યાદ રાખ્યો, અને તે દિનની તારીખ એક કાળા પથરની બાંગડી ઉપર કોતરાવી તે બાંગડી તેણીની માતાનો મરણ-દિવસ પાછો આવ્યો તેજ સહવારે ભેટ આપી અને ઘણાક દિલાસાના શબ્દો કહી, તેણીને આખો દિવસ રજા આપી!

એથી પણ હલકી પંકિતના નોકરો તરફ મહારાણી એવાંજ મેહરબાનછે તે જાણીતું છે. સ્કૉટલન્ડમાં તો તેઓ પોતાના નોકરોનાં કુટુંબની મુલાકાત વઠીક લીએછે અને તેમને પોતાને હાથે કપડાં વગેરે ભેટ આપવામાં મજાહ લીએછે, તે વાંચનારી બાનુઓએ "હાયલન્ડસમાં ગુજારેલી જીંદગીની વંચુ નોંધો," નામનું પુસ્તક જે મહારાણીએ પોતાને હાથનું લખેલું બાહાર પાડયુંછે તેમાં વાંચ્યું હશે.

ગમીના દિવસો.

સુખ અને દુઃખ સર્વ માણસજાતને ખોદાતાલાએ એકસરખું સુજેલું છે. નાના મોટા, ગરીબ તવંગર, રાજા પ્રજા સર્વને સુખની સાથે દુઃખ અને ખુશીની સાથે ગમી લખી આપેલીછે. અચલ સુખ કોઇને રેહતું નથી, તેમજ દુઃખ પડવા માંડયું તો તેબી સદા નિભતું નથી—ગમે એવાં શીહા વાદળને રૂપેરી કિનારી હોયછે. એ કાયદો આપણાં મહાત્મા મહારાણીની જીંદગીમાં આપણે અસરકારક રીતે ખરો પડેલો જોઇયે છીયે. એ નામદારનો પરણેલો સુખી સંસાર થોડાંજ વર્ષ ચાલુ રેહવાની સરજત હતી, કેમકે ઉપર એઓના જે પરણ્યા સંસાર સુખનું ચિત્ર આપ્યુંછે, તે થોડાંજ વર્ષનું નિવડયું અને તે પુરાં થવા બાદ એ નામદારના ગમીના દિવસો શરૂ થયા, જે આજ દિન સુધી ચાલુ રહ્યાછે. એમાં એઓને સર્વથી પેહલો જખમ તો પોતાના પ્રિય પતિને ખોહવાનો ખમવો પડયો.

પ્રિન્સ આલબર્ટનું મરણ.

રફતે રફતે પ્રજાનો ચાહ અને પસંદગી મેળવી પ્રિન્સ આલબર્ટ થોડા વખતમાં મહારાણીનો વફાદાર સલાહકાર થઇ પડયો. તે સારા ગુણોનો પિછાણનાર હતો અને અંગ્રેજી પ્રજાના ગુણ પિછાણી તે દેશને ચાહવા શિખ્યો, અને જેમ એક દેશી ખુદરતી દાજથી પોતાના દેશનું ભલું કરવા ઉપર મંડે તેમ એ જર્મન શાહજાદો ઇંગ્લન્ડનું ભલું કરવા મંડયો. તેને તેની બાદશાહી પત્નિનો ટેકો હતોજ, એટલે તેની ફતેહનું શું પુછવું? ઘણાંક જાહેર કાયદાનાં કામો તેણે આરંભ્યાં અને ઘણાં પુરાં કીધાં, અને ઇંગ્લન્ડની રાણી સાથ પરણવાને ૨૧ વર્ષ થયાં તેટલાંમાં તો મોટી કિર્તિ મેળવી એ શાહજાદો સખ્ત માંદગીને બીછાને પડી સ્વર્ગવાસી થયો! તેની હેયાતીમાં નહી તેટલી તેનાં મરણ બાદ પ્રિન્સ આલબર્ટની કિર્તિ ઘણી પ્રકાશી નિકળી, અને સર્વ પ્રજાએ એકમતે કબૂલ કીધું કે તે એક ખરોજ સ્વચ્છ દિલનો, ડહાપણવાળો, વિવેકી અને ચાલાક માણસ હતો. તેની સલાહથી ચાલીને મહારાણીએ તથા તેમના વજીરોએ દેશના હકમાં પુશકળ ફાયદો કીધો હતો, અને તેનાં મરણથી દેશને એક ન પુરાય તેવી ખોટ ગઇ હતી. મહારાણીને તો એ દિવસથી જાણે સૂર્યજ અસ્ત પામી ગયો હોય એવું તેમને લાગ્યું. પોતાના રાજ્યમેહલનો સઘળો વૈભવ તેમને મનથી બેસ્વાદ બની ગયો, અને જોકે તેઓએ પોતાનાં જાહેર કામો કદી પડતાં નહી નાખ્યાં, તોપણ સર્વ મોજમજાહ તજી ઘણાંજ એકાંત રેહવા લાગ્યાં.

એ મોટું દુઃખ ખમવા પછી મહારાણીએ પોતાનાં બે વ્હાલાં બચ્ચાં, શાહજાદી એલીસ અને શાહજાદા લીઓપોલ્ડને ખોહવાનો ગમ ખાધો. અને હમણા છેક વૃધાવસ્થામાં પોતાના જવાન દોત્રા અને રાજગાદીના વડા વારેસ ડયુક ઑફ ક્લેરન્સનું દુઃખદાયક મોત એમને જોવું પડયું.

પોતાનાં દુઃખથી બીજાંનાં દુઃખમાં દાજ.

વિકટોરિયા પોતાનાં સુખની વખતે પણ દુઃખીયાંની દાજ ધરાવનારાં હતાંજ, પણ ઉપલાં દુઃખો પોતે ખમવા પછી તેઓ દુઃખીયાંઓ તરફ વધારે દિલસોજ થયાં. તેમજ એમની બાહલી પ્રજાને પણ ધડો મળ્યો કે દુઃખસુખ સર્વને રાજપતિથી તે રૈયતના ગરીબમાં ગરીબ માણસને સરજેલુંછે. એમ દુઃખસુખથી ઘડાયલાં મહારાણીજી પોતાનાં દિલના ખરા ચાહથી પોતાના બધા મુલકોની રૈયતોને ચાહેછે, અને જે બાહળો પત્રવેહવાર તેઓ પોતાના હાકેમો સાથે ચલાવેછે તેનો મુખ્ય ભાવાર્થ એજ હોયછે કે તેઓએ લોકોને સુખશાંતી મળે તે રીતે કારોબાર ચલાવવો, સૂલેહનો વધારો કરવો અને લડાઇ અને દુશમનાઇ બને તેટલી દૂર રાખવી.



પ્રિન્સ આલબર્ટ.

એઓ તર્ફે આવ્યાં તે વખ્તે આયર્લાંડમાં પૂષ્કળ બેદિલી હતી કેમજે ત્યાં કંગાલિયત ઘણી હતી, અને ઇંગ્લન્ડ ઘણું ફતેહમંદ હોવા છતાં તેને કશી મદદ કરતું નહી એવી ત્યાં ફરીયાદ હતી. પણ મહારાણીએ પોતે પોતાનો અંગત ચાહ આયર્લાંડ ઉપર કેટલો છે તે બતાવવા ખાસ તે દેશની મુલાકાત લીધી, પ્રજાની હાજતો જોઈ લીધી, અને પોતાના અક્લમંદ પતિ સાથે મળીને તે દેશની હાલત સુધારવાના ઘણાક ઉપાયો લીધા, તેથી જલદીજ આયર્લાંડનું લોક પાછું વફાદાર બની એમને ચાહવા લાગ્યું. એજ પ્રમાણે આપણા દેશ ઉપર પણ એ નામદાર ચાહ રાખેછે. જે વેળા ઇસ્ટ ઇન્ડીયા કંપની પાસે મહારાણીએ હિંદુસ્થાનનું રાજ્ય લીધું તે વેળા જે ઢંઢેરો બહાર પાડવામાં આવ્યો હતો તે લોકોને ઘણોજ પસંદ પડયો હતો, અને જ્યારેબી રાજ્યકારોબારમાં ખામી પડેછે ત્યારે આ દેશના લોક તે ઢંઢેરાની કલમોપર સરકારનું ધ્યાન ખેંચેછે. તે ઢંઢેરો મહારાણીએ ખાશ પોતે લખાવ્યો હતો અને તે પ્રમાણે હંમેશ સુધી ચાલવાનો પોતે પક્કો ઠરાવ કર્યો હતો. આપણા જે દેશીઓ એ નામદારની હજૂરમાં જવાનું માન મેળવી શકેછે તેઓ એમની માયા અને મિત્રાચારીથી હર્ષીત બની આવેછે. આ દેશ તરફનો પોતાનો ચાહ પૂરવાર કરી આપવા એ માનવંત મહારાણીએ આપણા દેશની ભાષાનો અભ્યાસ કરવા માંડયોછે, અને તેની ઉમર આટલીબધી

વધવા પછી, અને જે થોડું ઘણું પોતાની મોટી રોકાણો વચ્ચે તેઓ શિખી શક્યાંછે તે ખોલવામાં ખાસ મજાહ લીએછે.

કામકાજનો બોજો.

ઇંગ્લંડનાં લોક એક રાણીને પણ ખાલી ખુશામતને ખાતર ખોટું માન આપે એવાં તો નથી, અને તોપણ તેઓ આ રાણીને સર્વ પ્રકારે કુશળ ગણેછે. તેઓ રાજ્યદુવારી કામમાં ચોકસ, પક્કા ઠરાવનાં, અને મેહનતુ ગણાયછે. એકજ વર્ષના હેવાલ બહાર પાડતાં, લાર્ડ પામર્સ્ટને નોંધ કીધીછે કે તે વર્ષમાં મહારાણીએ અઠાવીસ હજાર દસ્તાવેજોનો નિકાળ કર્યો હતો અને તે કંઇ માત્ર વંચાવી જઇને નહી પણ જ્યાં ઘટે ત્યાં ફેરફારો, સુધારા વધારા, ઘટાડા, કરાવીને, અને દરેક બાબદ વિષે સવાલો પુછી પૂરતું માન મેળવીને; તેમજ વળી તેઓની કેળવણી સંપૂર્ણ છે. ગ્રીક, લાટીન, ફ્રેંચ અને જર્મન એ ચાર ભાષાનો એઓએ અભ્યાસ કર્યોછે અને સંઘા નામાંકિત લખનારાઓનાં લખાણો વાંચેલાંછે અને જે નવાં નિકળેછે તેમાંથી પોતાનાં મનની શુદ્ધ વળાણ પ્રમાણે શુદ્ધ અને ઉંચ પંક્તિનાંજ લખાણો તરવી કાહડીને વાંચેછે. સંગીતમાં એ નામદાર પોતે કુશળ છે અને શાહાજાદો આલબર્ટ તો ઘણો વધારે કુશળ હતો. તેને ઘણીક નામાંકિત ગાયન મંડળીઓ પોતાનો સભાસદ અથવા સરનશીન કરવામાં માન સમજતી. ચિત્ર કળાનો પણ બન્ને શોખ હતો, જોકે પોતાનાં બીજાં કામોની રોકાણોમાં એ હુનર ખીલવવાને તેમને અવકાશ નહી હોવાથી તેઓ એ કળામાં નામ કાઢવા જેટલું કરી શક્યાં નહી. હજી મોટી ઉમર થવા છતાં મહારાણીને માથે સરકારી કામકાજ વધતુંજ જાયછે અને તે ઉપરાંત પોતાનાં રાજ્યના દરેક ભાગમાં શું બનાવો બનેછે તેની ખબર રાખવાને માટે તેમને ઘણાં વર્તમાનપત્રો વાંચવાનો અને ઘણુંક કાગળપત્રો લખવાનો મહાવરો છે. સર્વ મોટા રાજ્યવાળાઓ સાથ એઓને પત્રવેહવાર ચાલુ છે, અને ઘણાંઓની સાથે એઓ પોતાનાં પુત્ર પુત્રીઓ મારફતે સગાઇમાં આવ્યાંછે; માટે તેઓની હીલચાલ અને આચારવિચારથી એઓ પૂરતાં વાકેફ રહેછે અને એમની એ વાકેફગારીનો લાભ પણ દેશને ઘણો છે. ટુંકમાં પોતે એક મહારાણી છતાં અને રાજમહાલયમાં વસવા છતાં, રાજ્ય ચલાવવાની રોકાણોથી સારો દિવસ રોકાઇ રેહછે. જેમ એક વહીંચો નોકર દરરોજ ઠરાવેલા અમુક વખતે આફીસમાં જઇને લખવા વાંચવા બેસેછે, તેજ રીતે આ મહાત્મા મહારાણીએ પણ પોતાના મેહલમાં ગોયા પોતાની આફીસ કાહાડેલીછે અને ત્યાં નિયમિત વખતે કામપર બેસેછે. તેનો કાંઇક ખ્યાલ પાસેનાં ચિત્ર ઉપરથી મળશે.

દેશના નોકરોને સ્વતંત્રપણે ફરજ બજાવવામાં મહારાણી તરફનું ઊત્તેજન અને છુટાપણું.

પોતાના લશ્કરી અમલદારો જેઓ લડાઇનાં મેદાનમાં પોતાના કીમતી જીવની પરવા ન કરતાં બહાદુરીથી લડેછે તેમને માટે મહારાણી ખાસ પ્યાર ધરાવેછે અને તેમને પોતાની માયા અને દિલસોજી દેખાડી ઉત્તેજન આપવાને કદી ચૂકતાં નથી. હિંદુસ્તાનના ૧૮૫૭—૫૮ ના બળવાના શીહા વખતમાં સર કૉલીન કૅમ્પબેલ જ્યારે લખનોની મોટી લડાઇ જીત્યો, ત્યારે મહારાણીએ તેને નીચે પ્રમાણે લખ્યું હતું.

"તમારી અને તમારા શૂરા સિપાહીની ફતેહથી હું ઘણીજ ખુશી અને મગરૂર થઇછું ...... પણ સર કૉલીનને પોતાની રાણી તરફથી એક ઠપકો ખમવો પડશે, તેની તેણે સંભાળ લેવી અને તે એજ કે તેણે ઘણી હુલડાઇ કરી પોતાના જીવને જોખમમાં નાખવો નહી. તેની જીંદગી ઘણીજ મુલ્યવાન છે, માટે રાણી અરજ કરેછે કે સર કૉલીને જોખમમાં ઝીપલાવવું નહી, અથવા ઘણો વખત મેહનત કરી પોતાની તબીઅત બિગાડવી નહી."

લાર્ડ એલનબરોનો દાખલો.

લૉર્ડ એલનબરો જ્યારે આપણા દેશનો ગવરનર જેનરલ અને વાઇસરાય હતો ત્યારે તે વેળાની ઇસ્ટ ઇંડયા કંપનીના કોર્ટ આફ ડીરેક્ટર્સ સાથે તેને ઘણી તકરાર ચાલ્યા કરતી હતી. વાઇસરાયની ખ્યાલેસ મતલબ દેશનું કલ્યાણ કરવાની હતી, ત્યારે કોર્ટ આફ ડીરેક્ટર્સને પૈસા અને મુલકો મેળવવાનો લોભ હતો. તે વેળા વાઇસરાય નામદાર રાણીને ચાલુ પત્રો લખતો હતો, અને રાણી તેને સદા ટેકો અને ઉત્તેજન આપતાં હતાં. છેલ્લા એક પત્રમાં એ ઉમરાવ લખી જાયછે કે,—"હિંદુસ્થાનમાં જે જે મુશ્કેલીઓ સાથ મને લડવું પડયુંછે, અને જે મુશ્કેલીઓ કોર્ટ આફ ડીરેક્ટર્સની ચાલુ શત્રુતાથી ઘણી વધી હતી, તેમાં એકજ સંધ્યારો મને એ હતો કે મારે માથે એક મેહરબાન રાણી છે કે જે મારી વર્તણુક પૂરેપૂરી સમજી શકેછે; તેમના ચાલુ ટેકાથીજ આજે હું દેશમાં બધે ઠેકાણે સુલેહ અને આબાદાની ફેલાવી શકયોછું કે જેવી સુલેહ અને આબાદાની આજસુધી અહીં જણાયલી હતી નહીં."

લાર્ડ ડેલહાઉઝીનો દાખલો.

તેમજ જ્યારે લાર્ડ ડેલહાઉઝી આ દેશમાં પોતાની વાઇસરાય દાખલની કારકીર્દિ દરમ્યાન માહભારત કામો બજાવી પોતાના વતનમાં પાછો ફર્યો ત્યારે એવા તો કૃપાભર્યા



આસબર્નના મહાલયમાં મહારાણીજીનું કામે રોકાવું.

શબ્દોમાં નામદાર રાણીએ તેને પાછો આવકાર દીધો કે તેનું હૈયડું ઉપકારથી ભરાઈ ગયું અને જવાબમાં તેણે નિચે પ્રમાણે લખ્યું કે "જે મેહરબાનગીભર્યા શબ્દોથી રાણીસાહેબ પોતાના એક નોકરને તેની નોકરી પૂરી થવા પછી શાબાશી આપેછે તે મારાં દિલ ઉપર ભારે અસર કરેછે અને મારો ઉપકાર અને હર્ષ જણાવવાને મને શબ્દો મળતા નથી, માટે એટલુંજ કહું છું કે એ માન તે મારી આખી જીંદગીમાં મને મળેલાં સંધા માન કરતાં હું ચઢતું સમજુંછું."

એક કવિના શબ્દોમાં બોલ્યે તો "નોકરોની વફાદારીથી રાણી અને રાણીની મેહરબાનગીથી નોકરો ખરાંજ નશીબવાન છે." એવી એમની મમતાથી નોકરો એમને માટે જીવ આપવા તૈયાર થાયછે, અને એમના હુકમ પોતાના સંધા લાભ પણ પડતા નાખી બજાવવામાં માન સમજેછે. તેનો એક જાણવા લાયક દાખલો નિચે આપીયે છીયે—

સર કોલીન કેમ્પબેલનો દાખલો.

ક્રિમીઆની લડાઈ પૂરી થવા બાદ જનરલ સીમપસને પોતાનાં ઓહ્દાનું રાજીનામું આપ્યું. પછી તે ઓહ્દો સર કોલીન કેમ્પબેલને ન આપતાં તેનાથી ઉતરતા પદ્વીવાળા એક અમલદારને આપવામાં આવ્યો હતો. તેથી સર કોલીન રીસાઈ બેઠો, અને જ્યારે લડાઈ પાછી જાગવાનો સંભવ જણાયો ત્યારે તેણે પાછો લડાઈપર જવાની સાફ ના પાડી. નામદાર રાણીએ એ વાત જાણી ત્યારે તેઓએ તેને પોતાની સનમુખ બોલાવ્યો અને કહેછે કે ઘણા દલગીર ચેહેરે તેને આવકાર દઈ, પોતાની પાસે સોફા ઉપર બેસાડયો—કે જેમ એ નામદારના બીજા નોકરોને બેસવાનો હક નથી, સર્વ તેમના સામે ઉભાજ રહેછે—અને પછી રાણી બોલ્યાં કે "તમો લડાઈપર જવા ના પાડોછો તેથી મને ઘણું દુઃખ ઉપજેછે." આમ બોલતાં બોલતાં રાણીજીની આંખો આંસુથી ભરાઈ ગઈ. આથી સર કોલીન ઉપર ભારે અસર થઇ, અને તેણે ઉઠીને મોટાં માન સાથ એ મહારાણીના હાથનું ચુમ્બન કર્યું અને બોલ્યો કે "તમો મેહરબાનનો જીવ હું કદી દુખવીશ નહી, અને જો તમારી આગ્ના હશે તો એક સાદા સિપાહના હાથ હેઠલ વટીક નોકરી બજાવવાને હું ના પાડીશ નહી." રીસાયલો જોદ્ધો મનાયો તે જાણી પ્રજાને ઘણી અજાયબી લાગી; એવો તે મજબુત ઠરાવના માણસ હતો. પણ આવાં કૃપાળુ રાણીમાતાની અરજ કોણથી ના પડાય! પોતાનાં દેશ તરફ તેમનો આવો ચાહ જોઈ, એ શુરો લડવઇઓ પોતાની હક ભુલીજ ગયો અને પોતાના હકોના ગમે એવા ભોગ આપીને પણ તેનો નોકરીમાં જીવ ઓપલાવવા તૈયાર થયો.

સર જાર્જ ગ્રેનો દાખલો.

જેમ લાર્ડ એલનબરો લખી જાયછે કે કોર્ટ આફ ડીરેક્ટર્સ સાથ મતફેર ચાલતો હતો તેમાં મહારાણીના ટેકાની તેને મદદ હતી, તેમજ પોતાના એક બીજા નોકર સર જ્યોર્જ ગ્રેને મહારાણીએ પોતાની મમતાથી દક્ષિણ આફ્રીકામાં પ્રજાનું ભલું કરવાની ઘણીક યોજનાઓમાં મોટી મદદ કીધી હતી. એ નોકર તો દેશનો અને રાણીનો ખરો વફાદાર હતો. રાણીનાં નામની આબરૂ સંસ્થાનોમાં વધારવાની અને દેશની કીર્તિ વધારવાની તેની મુખ્ય નેમ અને મતલબ હતી, અને તેમ કરવામાં તે પોતાને જે ખરૂં લાગે તે કરવાને બીહતો નહી હતો. તે એટલે સુધી કે તે ન્યુ ઝીલાન્ડનો ગવરનર નેમાયા પછી એક નવો ધારો પસાર કરતાં પાર્લામેન્ટ સભાએ ગોઠું ખાધું હતું, એવું તેને ત્યાં જતાં વાર માલમ પડયું; તેણે જોયું કે એ ધારો અમલમાં મુકવાથી દેશીઓને આપેલો એક કોલ તોડવા જેવું થશે અને તેથી મહારાણીનું નામ બગડશે, કેમકે એ જંગલીઓ કંઇ સમજતા નથી કે કાયદા બાંધનાર પાર્લામેંટ સભા છે, તેઓ તો રાજ્યકર્તિ રાણીનેજ સંધો કારોબાર ચલાવતી સમજેછે. માટે તેણે હિંમતથી એ કાયદો એક કોરે મુકયો, અને સામું લખી વાળ્યું કે દસ હજાર માઇલને છેટે બેસી પાર્લામેંટ પોતાના તાબા હેઠલના એક દેશને માટે જે કાયદા બાંધેછે તે ઘણા અજ્ઞાનપણામાં બંધાયછે, વાસ્તે તે દેશને લાગુ પડતા નહી હોય તો અમલમાં નહી મુકવા અને લાભકારક હોય તોજ મુકવા એવો હક ગવરનરને આપવો જોઇએ. આથી અલબત પાર્લામેંટમાં તેના ઉપર જબરો ધુજારો થયો, પણ મહારાણીએ તેને તેની હિંમત અને ડહાપણને માટે શાબાશી આપી!

તે પછી એ ગૃહસ્થને જ્યારે દક્ષિણ આફ્રીકાનો ગવરનર નેમવામાં આવ્યો, ત્યારે તેણે ત્યાં જઇ જોયું કે ઇંગ્લંડની સરકારે ત્યાંના હોટેનટોટ સિપાહીને પેનશન આપવાને લગતા કંઇક વચનો આપી તે તોડયાં હતાં તેથી તેમનામાં ઘણી બેદિલી ફેલાઇ હતી. આથી તેણે રાણીનું પોતાનું અપમાન થતું જોયું એટલે તરત તેણે ત્યાંની પાર્લામેંટ પાસે જોઇતા પૈસાની રકમ મેળવી, અને મહારાણીનાં નામથી એક ઢંડેરો બહાર પાડયો કે રાણી પોતાના એ શુરા સિપાહીને તેમના હકના પૈસા આપવા ખુશી છે; અને સર્વ હકદારોને બોલાવી પૈસા વેંહેંચી આપ્યા જેથી જલદી શાંતિ ફેલાઇ અને રાણીની કીર્તિ વધી. મહારાણીએ એ વાત જાણી તેને ઘણી શાબાશી આપી જોકે પ્રધાનો તરફથી તો તેને ઘણો ઠપકો આવ્યો. પણ એ ગવરનરે મહારાણીનાં નામની જાદુઇ મદદથી દેશને ઘણો ફાયદો કીધો. જ્યારેબી કંઇ યોજના દેશના ફાયદાની હોય ત્યારે તે મહારાણીના વિચાર પુછાવતો, અને તેમના તરફથી પસન્નતા લખાઇ આવે તે લોકને વાંચી સંભળાવતો. સર્વ માયા, ઇનસાફ અને ભલા રાજ્યકારોબારનું માન તે રાણીને અપાવતો, જેથી લોકોમાં રાણીને માટે ઘણોજ ચાહ

વધ્યો અને હજીબી દક્ષિણ આફ્રીકાનાં ઘણાંક ગામો મધે લોકોમાં રાણીને માટે મોટો ચાહ છે, તે એટલે સુધી કે જોહાન્સબર્ગમાં જ્યાં સોનાની ખાણો છે ત્યાં કોઈ વાર મતલબ્બીઓને જો સોનાનો ભાવ ચઢાવવો હોયછે તો તેઓ એવી ખબર ફેલાવેછે કે "મહારાણી મરણ પામ્યાં" એટલે સર્વ ખાણોમાંના કામદારો કામ નાખી દઈ રડવા બેસેછે, અને એટલો શોક કરેછે કે કેટલા કેટલા દિવસો સુધી પાછા કામે જતા નથી.

સર જ્યાર્જ ગ્રેએ મહારાણીની કુમક ઉપર એવીજ રીતે પોતાને દરૂસ્ત લાગે તેમ અમલ કરીને એક વાર આપણા દેશની પણ ઘણી અગત્યની સેવા બજાવી હતી. તે વેળા કંઈ વિજલીનો તાર નહી હતો યા ઝડફ ચાલની સ્ટીમરો નહી હતી; માટે સર્વ કામકાજ સારૂ હુકમો મંગાવવાનું સેહેલું નહી હતું, જેથી વેળાસર જે પોતાને દરૂસ્ત લાગે તેજ કરવાની ગવરનરોને ફરજ પડતી.

૧૮૫૭ માં જ્યારે આપણાં દેશમાં બળવો થયો ત્યારે સર જ્યાર્જ ગ્રેને તે વિષે એક સ્ટીમર ત્યાં આવવાથી ખબર મળી. તેણે જોયું કે એ દેશમાંના મુઠ્ઠીભર ઈંગ્રેજ ભાઈબંધોને મદદની જરૂર હતી, માટે કંઈબી ઈંગ્લંડથી હુકમોની વાટ ન જોતાં તેણે ફક્ત ત્રણ દહાડાના અરસામાં ત્રણ વહાણ ભરી માલ તથા લશકર મોકલી આપ્યું, જેમ કરતાં પોતાની ગાડીને જોડવાના ઘોડા વટીક મોકલી આપી તે પગે ચાલતો ફરવા લાગ્યો. એવામાં ચીનની લડાઈને સારૂં વિલાયતથી લશ્કર લઈને જતી એક સ્ટીમર ત્યાં આવી ચઢી તેને હુકમ આપવાની સર જ્યાર્જ ગ્રેને કશી સત્તા હોય તો નહીજ, પણ આવા વખતમાં વડી સરકારનો હુકમ પુછવા માટે ઢીલ ન કરતાં ઠપકો ખમવાના જોખમે પણ તેણે પોતે તે સ્ટીમરને હિંદુસ્તાન જવાનો હુકમ આપ્યો. એટલી મદદથી આપણો દેશ બચ્યો. ખોરાકી અને લશ્કર વખતસર આવી પુગવાથી સર કોલીન કેમ્પબેલે જઈ લખનૌમાં ઘેરાયલા જનરલ હેવલૉક અને તેનાં લશ્કરનો છુટકારો કર્યો.

આ ખબર પણ મહારાણીજીએ જાણી ત્યારે તેઓએ એ હિમતવાન નોકરને શાબાશી આપી અને તેનાપર ઘણાં પ્રસન્ન થયાં, જોકે પ્રધાનો તરફથી તો તેનાપર એવી રીતે "આપખુદીથી વર્તવા" માટે ઘણો ઠપકો આવ્યો.

આજે દક્ષિણ આફ્રીકાને મહારાણીની સત્તા હેઠલ જાળવી રાખવા પ્રધાનો ખંતી છે પણ તે વખતે તો એ મુલકો એક પિડા સમાન ગણાતા. સર જ્યાર્જ ગ્રેની મતલબ જુદા જુદા નાના મુલકોને જોડી નાખી એક મોટી પ્રજા બનાવવાની હતી, અને પ્રધાનો તેમ કરવાની દરકાર રાખતા નહી હતા, જેથી તેમના સાથે એ અમલદારને ચાલુ તકરાર થયાજ કીધી અને આખરે તેઓએ તેને પાછો બોલાવી લેવાનો ઠરાવ પસાર કીધો. પણ મહારાણી તેના સાથ પત્ર વેહવાર રાખતાં હતાં અને તેમનો તેને એ કામમાં ટેકો હતો, કેમકે તેણે તેઓની ખાતરી કરી હતી, કે એ જંગલીઓને કાયદામાં રાખવાને માટે અને સુધારવાને માટે એજ ઉપાય જરૂરનો હતો.

માટે મહારાણી એ ઠરાવ બાહલ રાખશે નહી એવી પ્રધાનોને ફિકર હતીજ અને તેથી વડો પ્રધાન પોતે એ દસ્તાવેજ લઈ મહારાણી આગળ ગયો. એ વેળા મહારાણી શું બોલ્યાં તે બહાર આવ્યું નથી, પણ એટલું જણાયલું છે કે એ નામદારે ઘણો ગુસ્સો કર્યો અને બોલ્યાં કે જે ધણીએ પોતાને સોંપેલું સંધુ કામ ફતેહ સાથ પાર ઉતારવા ઉપરાંત ઘણું વધારે કીધું છે, અને જે પોતાનાં દેશ અને રાણી તરફની વફાદારી ખાતર કીધું છે 'તે માટે શું તમે તેને અપમાન આપી નોકરી ઉપરથી બરતરફ કરોછો? વગેરે, તોપણ સહી કરવાની તેઓ ના પાડી શક્યાં નહી. કેમકે આખાં પ્રધાનમંડળે એકમતથી એ ઠરાવ પસાર કરેલો હતો અને વડો પ્રધાન, પોતાનાં મતને મજબુત વળગી રહ્યો, જેથી જો રાણીજી પોતાની મરજી ચલાવવા જતે તો પ્રધાનોને રાજીનામું આપવાની ફરજ પડતે. માટે તેટલી હદસુધી ન જતાં એ માહબાનુએ તે દસ્તાવેજ ઉપર પોતાની મરજી વિરૂદ્ધ સહી કરી આપી. આથી લાર્ડ ડરબી પોતેબી પસ્તાયો અને એક મિત્ર આગળ બોલ્યો કે "આજે મારે હાથે એક ખરાબ કામ થયલું હું સમજુછું. આ ગવરનરને બરતરફ કરવો નહી જોઈતો હતો."

એ દસ્તાવેજ જ્યારે આફ્રીકામાં વંચાયો ત્યારે શી દેશીઓની દલગીરી! તેઓ તો એમજ કેહેવા લાગ્યા કે રાણીમાતાએ અમારી ઉપરથી માયા ઉતારી નાખી, અને અમારાં હૃદય દુઃખી કરી નાખ્યાં, અને તરત અરજી લખી મોકલાવી કે અમારાપર દયા કરો અને એ અમારા પિતા સમાન વાઈસરાયને પાછો એના ઓહ્દા ઉપર નેમો. સર જ્યાર્જ ગ્રે હુકમ આવતાંવાર ઓહ્દો છોડી સ્ટીમરે ચઢયો પણ તે પોતાને વતન જઈ પૂગે તેટલાં તો મોટો ફેરફાર થઈ ગયો, અને સ્વદેશમાં પગ મેળતાં વાર તેણે સાંભળ્યું કે તેની ફરી એજ ઓહ્દા ઉપર નેમણુંક કરવામાં આવીછે! તે એમ થયું કે તેજ વખતે લાર્ડ ડરબીનાં પ્રધાનમંડળની આમની સભામાં હાર થવાથી તે ઉડી ગયું અને લૉર્ડ પામર્સ્ટન નવો પ્રધાન નેમાયો અને મહારાણીએ તે તકનો લાભ લઈ નવા પ્રધાનો પાસે સર જ્યાર્જ ગ્રેને બરતરફ કરવાનો આગળો ઠરાવ રદ કરાવી તેની પાછી નેમણુંક કરાવી.

આ અને એવાજ બીજા દાખલાઓથી વાંચનાર જોશે કે મહારાણી દેશના રાજકારોબારમાં કેટલો અંગત અને અગત્યનો ભાગ લીએછે.

ફરજંદાન ફરજંદોનાં લગ્ન.

"રાણીએ પરણવું જોઇયે" એ મથાળાં હેઠળ નામદાર મહારાણીનાં લગ્નને મળેલી અગત્યતાને લગતા જે બનાવો આપણે તપાસ્યાછે, તેનું કુદરતી સાધન એ નામદારના દીકરા દીકરીઓનાં અને તેમના દીકરા દીકરીઓનાં લગ્નોમાં મળી આવેછે. પોતાનાં બચ્ચાં કે બચ્ચાંનાં બચ્ચાં પરણવા લાયક ઉમરનાં થયાં તો પછી તેઓને પરણાવવાંજ જોઇયે, એવો મહારાણીએ પોતાનાં કુટુંબનો કાયદો કરી રાખ્યોછે અને તે ઉપર અમલ કરીને તે નામદારે પોતાના વોહલા વંશવેળામાંના એકબી જણને લાયક ઉમરે પરણાવ્યા વગર રેહવા દીધું નથી, એ એઓની સંસારી જીંદગીમાં આપણે ચાલુ જોતાં આવ્યાં છીયે. પણ એમ કીધાથી નામદાર મહારાણીએ પોતાનાં કુટુંબનું ભલું સાચવવા ઉપરાંત અને બચ્ચાંઓને પરણાવવાની "ભલાઇ જોવાનું સુખ" જેની આપણી મા મમાઇઓ મોટી ઉમેદવાર હોય છે, તે "ભલાઈ જોવા" ઉપરાંત એ નામદાર રાજમાતાએ બીજા બે પ્રકારના રાજદ્વારી ફાયદાઓ પોતાનાં રાજ્યને સાચવી આપ્યાછે. તેમાંનો એક મોટો ફાયદો તો એ છે કે નામદાર રાણી આ લગ્નોથી પોતાની પ્રજાને ખુશાલી અને ધામધુમનાં યોગ્ય સાધનો પુરાં પાડી પોતાની લોકપ્રિયતામાં પેહરપે વધારો કરી શકેછે, અને બીજો વધારે મોટો રાજદ્વારી ફાયદો એ કરેછે કે યુરોપનાં બળવાન રાજ્યો સાથ પોતાના દીકરા દીકરીઓની મારફતે સગાઇનું નાતું બાંધીને નામીચી શાહનશાહતોમાં પોતાનો વગ અને કાબુ મજબુત કરેછે. આવી રીતે સગાઈ કરીને મહારાણી વિક્ટોરિયાએ રશિયા, જર્મની, તથા ડેનમાર્ક અને ગ્રીસનાં રાજ્યો સાથ સગાઈ સ્થાપીછે. જેમકે જર્મનીનો મરહુમ શાનશાહ ફ્રેડરીક વિલિયમ એ નામદારનો વડો જમાઇ હતો, જેથી હાલના શાહનશાહ વિલિયમનાં એ નામદાર મમાઇ હોવાનું માન ભોગવેછે. ડેન્માર્કની શાહજાદી અલેકઝાંદ્રા એ નામદારની વડી વહુ પ્રિન્સેસ આવ વેલ્સ છે, જે દેશની સાથનાં વેહવાઇપણાંથી ગ્રીસનું રાજ્ય પણ તેમનાં સગપણમાં આવ્યુંછે. નામદાર રાણીની બીજી વહુ ડચેસ આફ એડીનબરો રશિયાના મરનાર ઝારની બેહન તથા હાલના ઝારની ફુઇ છે. વળી રશિયાનો હાલનો ઝાર નામદાર મહારાણીની મરહુમ દીકરી શાહજાદી આલિસનો જમાઇ થાયછે, એટલે મહારાણી વિક્ટોરિયા હાલના ઝારના મમાઇસાસુનો મોભો ધરાવેછે. આવી રીતની મોટી મોટી રાજદ્વારી સગાઇઓમાં નામદાર રાણીએ પોતાનાં રાજ કુટુંબને જોડવાથી ઇંગ્લંડની પ્રજા કેવી મગરૂરી અને ખુશી ભોગવેછે, તે તેઓએ એવા દરએક લગ્ન સમારંભ વેળા પોતાની ભારી ધામધૂમોના મેહમારથી દેખાડી આપ્યુંછે. ઉપલાં દરએક લગ્ન વેળાની લંડનની ધામધૂમો તવારીખમાં નોંધાઇ રેહવા જેવી હતી અને તેમાંની સર્વથી છેલી શાહજાદા ડયુક આવ યાર્કનાં લગ્ન વેળા થઈ હતી. એ શાહજાદો ઇંગ્લંડના નામદાર પાટવીકુવર પ્રિન્સ આવ વેલ્સનો સુપુત્ર અને ઇંગ્લંડની ગાદીનો આવતો વારસ છે. પ્રિન્સ આવ વેલ્સનો વડો કુંવર શાહજાદો વિક્ટર ડયુક આફ કલારેન્સ હતો, જેનાં સન ૧૮૯૨ માં અકાળ મરણથી મહારાણીનાં રાજકુટુંબને મોટો ગમ થયો હતો. તે કુંવર ડયુક આફ ટેકની જુવાન દીકરી શાહજાદી મેને અદરાયલો હતો, તેનાં દુઃખદાયક મરણ બાદ તે સુંદરીનું સાટું શાહજાદા ડયુક આફ યાર્ક સાથ કરવામાં આવ્યું અને તેમનાં શુભ લગ્નનું મંગળકાર્ય તા૦ ૬ ઠી જુલાઇ ૧૮૯૩ ને દિને યોગ્ય ધામધૂમ સાથ પાર પડયું. એ રીતે જે શાહજાદો હવે પછી એક દાહડે ઇંગ્લંડનો રાજા અને જે શાહજાદી ઇંગ્લંડની રાણી થનાર છે, તેમનાં પાસેનાં સફા ઉપર ચિત્રો આપીયે છીયે.

વિકટોરિયન સનેના પ્રતાપ.

સેવટે એટલુંજ વધારવાની જરૂર છે કે ઇંગ્લંડની પ્રજા પોતાનાં રાજારાણીઓમાં જેમને ખરા પ્રતાપી ગણેછે તે ઘણુંજ થોડાં છે અને તે થોડાંમાંની એક પણ એક સ્ત્રી, રાણી એલીઝાબેથ હતી, જે પછી બીજું ખરું ફતેહમંદ રાજ્ય તેઓ વિક્ટોરિયાનું ગણેછે. રાણી એલીઝાબેથ કરતાં વિક્ટોરિયા વધારે નસીબવાન નિવડીછે. એલીઝાબેથના વખતમાં દેશમાં વિદ્યા હુન્નરનો ઘણો ફેલાવો થયો, અને શેક્સપીયર જેવો મહા ગુરૂ કવિ તથા બેકન જેવો મહા બુદ્ધિમાન ફીલસુફ પેદા થયા પણ વિક્ટોરિયાનાં રાજ્યમાં ઘણી વધારે મોટી ફતેહોની સુજત માલમ પડી છે. રાણી તખ્તે આવવા પછીજ આગગાડી, ટેલીગ્રાફ ટેલીફોન અને તરેહવાર વરાળ યંત્રોની શોધ થઇ, વિજળીની વિદ્યા ઘણી આગળ વધી અને સાથે કેળવણીનો મોટો ફેલાવો થયો. કેળવણી દરેક માણસ ઉપર ફરજીયાત કરવાનો ધારો એજ રાજ્યની શરૂઆતમાં પસાર કરવામાં આવ્યો, અને તે ધારાથી તો દેશમાં જાણે ઉથલપાથલ થઈ ગઇ. દેશમાંથી પાપ, ત્રાસ અને કંગાળીયત પેહલે તો ઓછી થઈ ગઇ. દેશ આબાદ થતો ગયો, ગરીબમાં ગરીબ

ધંધાદારી પણ વાંચી જાણવાથી પોતાના ધંધાને લગતું જ્ઞાન વર્તમાનપત્રો અને ચોપાન્યાં મારફતે મેળવતો થયો, અને વળી ગરીબ ખેડુત તેમજ મજુર વર્ગને લખવા વાંચવા શિખવાથી જાણે વાચા આવી. દરેક ફરિયાદ તેઓ પોતે જાહેર કરી શકયા, અને તે દૂર કરવાની સરકારને ફરજ પાડી શકયા. વળી નામદાર પ્રિન્સ કોનસર્ટે તો ગોયા ગરીબોની સેવામાં પોતાને અર્પણજ કીધો હતો. જે જે નવી યોજનાઓ ગરીબ રૈયતના ફાયદા કીજે થાય તેને પોતાનો ટેકો અને મદદ આપી પાર ઉતારતો, અને ઘણી નવી યોજનાઓ પોતે પણ ઘડતો. એને માટે ખાંચરેથી ગરીબોની કદર બુજાતી જોઇને દેશમાં ઘણા લોકો એ કામ ઉપર મંડયાં, કોઇ દેખાદેખીથી તો કોઇ ખરી લાગણીથી, અને એમ કરતાં રૈયતના ઘણા મોટા ભાગનું કલ્યાણ થયું, એટલુંજ નહી પણ લોક સંતોષી અને વધારે વફાદાર થયું. જેમ દેશમાં આબાદાની વધી તેમ ખજાનો ભરપૂર થયો. બ્રિટનનું લશ્કરી બળ પણ વધ્યું અને તેટલો બ્રિટિશ રાજ્યનો દમામ વધ્યો.

આપણા દેશમાં તો જે રાજસુધારા થયાછે તથા જે કેળવણી અને કળાકૌશલ્યનો વધારો થયોછે તે સઘળો એજ સનમાં થયોછે. જોકે એ વિસાળ ખંડની આખી પ્રજા સુધરવા જેટલો હજી વધારો થયો નથી તોપણ દેશમાં કેળવણીનું બી રોપાયુંછે. રેલવેઓ, ટેલીગ્રાફ, વગેરેથી દેશમાં મુસાફરીનાં અને અરસપરસ વેહેવારનાં સાધનો વધ્યાંછે, અને દેશના લોકો પરદેશની ઘણી ઉપયોગી બનાવટોનો ઉપયોગ કરવા શિખ્યાથી વેપાર ઘણો ખીલ્યોછે, માંહોમાંહેના કજીઆ ટંટા બંધ પડયાછે, દેશમાં સુલેહ ફેલાઇછે, અને લોક નચિંત પોતપોતાના ઉદ્યોગમાં મંડી રહ્યુંછે. આપણા કવિ દલપતરામનાં બોલોમાં "ઝેર ગયાં ને વેર ગયાં, અને કાળા કેહેર ગયા" છે.

એ સર્વ જે ભાગ્યવાન રાણીનાં રાજ્યમાં બન્યુંછે તે રાજ્યને લંબાતું જતું જોઇ પ્રજા આજે હર્ષીત થઇ ગઇછે, અને હજીબી ઇશ્વરને એજ અરજ કરેછે કે ખુદા અમારી રાણીને સલામત રાખો !

"God save our Empress-Queen
Long live our Noble Queen
God save The Queen."

"રક્ષ દેવ તું મહારાણી,
બહુ જીવજો પ્રૌઢ રાણી,
રક્ષ દેવ રાણી."



શાહજાદી ડચેસ આફ યાર્ક.



રા. હજાનો ડ્યુક આફ યાર્ક.